**આજનો સુવિચાર**
લોકોની ટીકાઓથી તમારો માર્ગ બદલશો નહીં, કારણકે સફળતા શરમથી નહીં સાહસથી જ મળે છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક


જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૧૬ જૂનાગઢ તા.૨૪-૦૮-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 216, Junagadh : Date : 24 August, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ગુજરાતની જનતાને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની જન્માષ્ટમી ભેટ

# ઈમ્પેકટ ફી કાયદાને વધુ લોકાભિમુખ બનાવવા નિર્ણય



અમદાવાદ તા. ૨૪ : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં ઈમ્પેકટ કાયદાને વધુ લોકાભિમુખ બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ ને વ્યાપક પ્રતિસાદ મળે અને વધુમાં વધુ લોકોએ અધિનિયમનો લાભ મેળવી શકે તેવા જનહિતકારી અભિગમથી મુખ્યમંત્રીએ આ નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રીએ એવો નિર્ણય કર્યો છે કે, ગામતળ વિસ્તારમાં બિન રહેણાંક બિન અધિકૃત બાંધકામના વપરાશ કરતા લોકોના ૪.૫ એફ.એસ.આઈ. સુધીના બિન અધિકૃત બાંધકામો હવે નિયમિત થઈ શકશે. બિન અધિકૃત રહેણાંક માટે ૨૦૦૦ ચો. મીટર સુધીના ખુટતાં પાર્કિંગ માટે અને બિન અધિકૃત બિન રહેણાંક માટે ૧૦૦૦ ચો. મીટર સુધીના ખુટતા પાર્કિંગ માટે ફી લઈને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે.અગાઉ ખુટતા પાર્કિંગના ૫૦% જે તે પ્લોટમાં અથવા તો ૫૦૦ મીટરની હદમાં પાર્કિંગની જોગવાઈ કરવી ફરજીયાત હતી, અને બાકીના ૫૦ ટકા ખુટતા પાર્કિંગ માટે ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ના જાહેરનામાંથી પાર્કિંગ નિયમિત કરવા માટેની નક્કી કરાયેલી ફી વસુલ લઈને બિન અધિકૃત બાંધકામ નિયમિત કરવાની પ્રવર્તમાન જોગવાઈ હતી.

આ ઉપરાંત પાર્કિંગના અનઅધિકૃત બાંધકામો રેગ્યુલર કરવા માટે અર્ધુ પાર્કિંગ કે ૫૦૦ મીટરની હદમાં જોગવાઈ ફરજિયાત હતી. જે નિયમના કારણે હજારો મિલ્કત ઈમ્પેકટ ફીનો લાભ મેળવી ન શકતી હોવાની સતત રજુઆતો સરકારને થતી હતી. મુખ્યમંત્રીએ આકરા નિયમને પણ હળવો કરી હવે રહેણાંકમાં ૨ હજાર ચો.મી. અને બિનરહેણાંકમાં એક હજાર ચો.મી.ના ખુટતા પાર્કિંગની ફી લઈને નિયમબધ્ધ કરવા તહેવાર પર જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા અધિનિયમ ૨૦૨૨ને વ્યાપક પ્રતિસાદ મળે અને વધુમાં વધુ લોકો એ અધિનિયમનો લાભ મેળવી શકે તેવા જનહિતકારી અભિગમથી મુખ્યમંત્રીએ આ નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઈમ્પેકટ ફી અંગેના કરેલા આ મહત્વપૂર્ણ નિર્ણયો નિયમાનુસારની કાર્યવાહીને અનુસરીને ટુંક સમયમાં અમલી કરાશે.

## મેઘરાજા જન્માષ્ટમી મનાવવા આવી પહોંચ્યા : સમગ્ર રાજયમાં સાર્વત્રીક વરસાદ : અમદાવાદમાં તોફાની બેટીંગ : બગસરામાં બે કલાકમાં ૪ ઈંચ

અમદાવાદ/રાજકોટ, તા.૨૪ ગુજરાત ઉપર હાલમાં એકસાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. જેના પગલે હવામાન વિભાગે ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં હાલમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આજે ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે અમરેલી જિલ્લો-ભાવનગર રાજકોટ અને જિલ્લાનાં ગોંડલ પંથકમાં ૧ થી ૪ ઈંચ જેટલો વરસાદ ખાબકી જતાં ખેડૂતો ખુશ ખુશાલ થયા છે.

આ ઉપરાંત ગુજરાતમાં પણ વિવિધ જિલ્લાઓમાં ૧ થી ૪.૫ ઈંચ સુધીનો ધોધમાર વરસાદ વરસ્યો છે અને આજે સવારથી અમદાવાદમાં પણ વરસાદ શરૂ થયો હતો.

બગસરામાં વહેલી સવારે ફક્ત બે કલાકમાં પોણા ચાર ઈંચ જેટલો ધોધમાર વરસાદ પડ્યો હતો. વરસાદ પડતાની સાથે જ વીજળીના કડાકા ભાડકથી જાણે શહેર આખું ધુજી ઉઠિયું હોય તેવું રોદ્ર સ્વરૂપ જોવા મળેલ હતું. જેના હિસાબે લોકોમાં વીજળી પડવાનો ભય પણ વ્યાપી ગયો હતો.જ્યારે શહેરમાં વરસાદની તાતી જરૂરિયાત હોવાના લીધે જગતનો તાત ખુશ ખુશાલ થઈ ગયા હતા.

## દેશમાં દર કલાકે બળાત્કારની ત્રણ ઘટનાઓ કાયદો બદલાયો પરંતુ સ્થિતિ યથાવત

નવી દિલ્હી, તા.૨૪: ભારતમાં દર કલાકે ૩ મહિલા બળાત્કારનો ભોગ બને છે, એટલે કે દર ૨૦ મિનિટે દેશમાં બળાત્કારના કેસમાં ૯૬ ટકાથી વધુ આરોપીઓ મહિલાને ઓળખે છે.

રેપ કેસમાં ૧૦૦માંથી માત્ર ૨૭ આરોપીઓને સજા થાય છે, બાકીના નિર્દોષ છૂટી જાય છે.

આંકડા દર્શાવે છે કે કડક કાયદા હોવા છતાં પણ આપણા દેશમાં ન તો બળાત્કારના કિસ્સાઓ ઘટી રહ્યા છે કે ન તો દોષિત ઠેરવવાનો દર વધી રહ્યો છે.

કેન્દ્ર સરકારની એજન્સી નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના આંકડા દર્શાવે છે કે ભારતમાં દર વર્ષે મહિલાઓ વિરુદ્ધ ચાર લાખથી વધુ ગુના નોંધાય છે. આ ગુનાઓમાં માત્ર બળાત્કાર જ નહીં પરંતુ છેડતી, દહેજ માટે મૃત્યુ, અપહરણ, તસ્કરી, એસિડ એટેક જેવા ગુનાઓ પણ સામેલ છે.

## ૧/૩ સજા કાપી ચુકેલા અન્ડરટ્રાયલ કેદીઓને જામીન પર મુક્ત કરવાનો સુપ્રિમ કોર્ટનો આદેશ

નવી દિલ્હી તા.૨૪ ગુનો સાબીત થયા વિના જેલમાં કેદ અંડરટ્રાયલ ગુનેગારોની મુકિત વિશે સર્વોચ્ચ અદાલતે એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે નવા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૭૯ હેઠળ પ્રથમ વખત ગુનો આચરનારા અંડરટ્રાયલ આરોપીઓ ગુનાની મહતમ સજાનો એક તૃતિયાંશ સમય જેલમાં વિતાવ્યો હોય તો તેને જેલમુકત કરવાની જોગવાઈ છે. આ જોગવાઈ પાછલી અસરથી લાગુ કરવાનો નિર્દેશ સર્વોચ્ચ અદાલતે આપ્યો છે.

સુપ્રિમ કોર્ટની જસ્ટીસ હીમા કોહલી તથા સંદિપ મહેતાની ડીવીઝન બેંચે એડીશ્નલ સોલીસીટર જનરલ ઐશ્વર્યા ભાટીની વિનંતી બાદ કહ્યું કે ભારતીય નાગરીક સુરક્ષા કાયદો તાજેતરમાં અમલી બન્યો હોવા છતા તેની કલમ ૪૭૯ ની જોગવાઈ તમામ અંડર ટ્રાયલ કેદીઓને લાગુ પડશે કાયદો લાગુ થયા પૂર્વે ધરપકડ કે જેલવાસ શરૂ થયો હોય તો પણ આ જોગવાઈ લાગુ થશે.

**સૌરાષ્ટ્ર ભૂમિ** દૈનિક
(જૂનાગઢ આવૃતિ)
**અંક બંધ**
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય (જૂનાગઢ આવૃતિ) જન્માષ્ટમી પર્વ નિમિતે રજા પાળતું હોય, તા. ૨૬-૮-૨૦૨૪, તા.૨૭-૮-૨૦૨૪નો અંક પ્રસિધ્ધ થશે નહી. તા. ૨૮-૮-૨૪ બુધવારનો અંક રાબેતા મુજબ પ્રસિધ્ધ થશે. જેની વાંચકો, વિજ્ઞાપનદાતાઓ, ફેરીયાઓએ નોંધ લેવી.
- વ્યવસ્થાપક

## ગુજરાતનો સમુદ્ર કિનારો ડ્રગ્સ માફિયાઓ માટે સ્વર્ગ છેલ્લા ૧ વર્ષમાં રૂા.૫૬૪૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

ગાંધીનગર,તા.૨૪ ગુજરાતનો દરિયાકાંઠો ડ્રગ્સ માફિયાઓ માટે સ્વર્ગ સમાન બની રહ્યો છે. સાથે સાથે યુવાધન ડ્રગ્સના દૂષણમાં બરબાદ થઈ રહ્યુ છે ત્યારે ગૃહવિભાગે દાવો કર્યો છે કે, પાડોશી દેશો ગુજરાતમાં માદક પદાર્થો ઘૂસાડવાના ઈરાદા ધરાવે છે પણ ગુજરાત પોલીસની સતર્કતાને લીધે બધુ નાકામ થયુ છે. છેલ્લાં એક જ વર્ષમાં ગુજરાતમાં રૂ.૫૬૪૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયુ છે અને ૪૩૧ ડ્રગ્સ માફિયાઓને જેલના સળિયા પાછળ ધકેલાયાં છે.

વિધાનસભા સત્રના અંતિમ દિવસે ડ્રગ્સ મુદ્દે થયેલી ચર્ચાના અંતે ગૃહમંત્રીએ જણાવ્યું કે કચ્છ, વલસાડ, નવસારી તથા અન્ય જિલ્લાના દરિયાકાંઠેથી છેલ્લાં ૧૫ જ દિવસમાંથી કુલ મળીને રૂ.૮૯૨ કરોડનું ડ્રગ્સ પકડી પાડવામાં આવ્યુ છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૪માં દરિયા કાંઠાના વિસ્તારોમાંથી સઘન પેટ્રોલીંગને લીધે નાના મોટા લેન્ડીંગ પોઈન્ટ પરથી આશરે રૂ.૧૭૮ કરોડનું બિનવારસી ડ્રગ્સ ઝડપાયુ છે.

## આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી શિખર ધવને નિવૃત્તિ લીધી


મુંબઈ,તા.૨૪ ટીમ ઈન્ડિયાના ઓપનર શિખર ધવને આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી સન્યાસ લઈ લીધો છે. તેણે સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. તેણે વર્ષ ૨૦૨૨માં બાંગ્લાદેશ સામે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. ત્યારથી તે આંતર રાષ્ટ્રીય રમ્યો નહતો.શિખર ધવને ૧ મિનિટ ૧૭ સેકન્ડના વીડિયોમાં કહ્યું- આજે હું એવા વળાંક પર ઊભો છું. જ્યાંથી પાછળ જુઓ ત્યારે તમને માત્ર યાદો જ દેખાય છે, અને આગળ જુઓ ત્યારે તમે આખી દુનિયા જોઈ શકો છો... મારું હંમેશાં એક જ લક્ષ્ય હતું, ભારત માટે રમવાનું. જે પૂરું થયું,

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...
**શાલીગ્રામ ડબલ હાઈટ કોર્ટયાર્ડ બંગલો**
સરનામુ :- પ્રમુખ નગર, દિપાંજલી, જૂનાગઢ
**તેમજ ટીબાવાડી વિસ્તારમાં ખુલ્લા પ્લોટ**
:: સંપર્ક ::
૯૦૩૩૮ ૦૪૯૩૬

**સારા લોકેશનમાં બંગલો વેંચવાનો છે ખુબ જ વ્યાજબી કિંમતમાં**
5 BHK બંગલો વેચવાનો છે. શ્રી રાધાકૃષ્ણનગર, ૩૦ ફુટ મેઈન રોડ, પર આવેલ આશરે ૨૦૦ ચોરસ વાર પ્લોટ ઉપર ત્રણ સાઈડ ઓપન, ફુલ ફર્નિચરવાળો ટાઈટલ ક્લીયર જરૂરીયાતની બધી સગવડતા ધરાવતો અને સરળતાથી રૂપિયા એક કરોડ સુધીની બેન્ક લોન મળી શકે તેવા ટાઈટલ ક્લીયર ડોકયુમેન્ટ, વેલ્યુએશન સાથેનો જાત દેખરેખ નીચે બનાવેલ મોકાનો બંગલો, યોગ્ય કિંમતે વેચવાનો છે.
ભવાનભાઈ આહિર - ૯૬૬૨૫ ૩૫૧૪૬

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...
**શ્રીજી બેબીકેર** હવે, નવી જગ્યાએ
બાળકોની હોસ્પિટલ
ડો. વિપુલ બી. ઉસદડીયા M.B. D.C.H. (Ped) નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
ડો. જયચંદ્ર એન. રતનપરા M. D. (Ped) Goldmedilist નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
૦ થી ૧૮ વર્ષનાં બાળકોની સંપૂર્ણ સારવાર (૨૪ કલાક ઈમરજન્સી) તથા રસીકરણ કેન્દ્ર ● વિશાળ વેઈટીંગ ઓપીડી વિભાગ A.C. ● જનરલ, સેમી સ્પેશીયલ અને સ્પેશીયલ A.C. રૂમની સુવિધા સાથેનો દાખલ વિભાગ
આયુષ્માન ભારત PMJAY યોજના હેઠળ અધુરા મહિને જન્મેલ ૧.૫ કિલોથી ઓછા વજનનાં તેમજ જન્મ સમયે મળ પી ગયેલ, જન્મ સમયે બાળ સાદ ન આપેલ, લોહીમાં ચેપ, મગજમાં ચેપ, શ્વાસ લેવામાં તકલીફ અથવા સુગર ઘટી ગયેલ બાળકની સંપૂર્ણ મફત સારવાર (દવા અને લોહીના રીપોર્ટ સાથે)
સરનામું અક્ષર આઈકોન, ત્રીજો માળ, ગંગા પાર્ક, કે.જે. હોસ્પિટલની બાજુમાં ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
એપોઈન્ટમેન્ટ માટે : (૦૨૮૫) ૨૬૩૬૧૦૮/ ૨૬૩૧૧૧૦ ૯૦૩૩૫ ૩૬૧૦૮

અમારા માનવંતા ગ્રાહકોને જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા....
જૂનાગઢની સ્વાદપ્રિય જનતા માટે જુનું અને જાણીતું નામ એટલે...
**લિજ્જત પાઉંભાજી**
● ગુજરાતી થાળી
● સાઉથ ઈન્ડીયન
● પંજાબી
● ચાઈનીઝ



**લિજ્જત પાઉંભાજી**
જયશ્રી રોડ, મહાસાગર ટ્રાવેલ્સની સામે, કળવા ચોક, જૂનાગઢ મો. ૯૪૨૭૭ ૩૩૩૪૪


જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...
KANERIA HOSPITAL & I.C.U.
ડો. મૌલિક વી. કનેરીયા એમ.ડી. (મેડીસીન)
એપોઈન્ટમેન્ટ માટે
મો. ૯૯૧૩૩ ૪૦૮૦૫
ફોન : (૦૨૮૫) ૨૬૩૪૯૫૧, ૨૬૩૫૯૫૧
ઈમરજન્સી : ૯૯૦૪૨ ૪૦૮૦૫, ૯૫૧૨૪ ૪૦૮૦૫
દ્વારકાધીશ માર્કેટ-એ, પહેલા માળે, ગ્રીનક્રોસ લેબોરેટરીની ઉપર, સરદારબાગ જૂનાગઢ

● હરક્યુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
**ગેલેકસી** ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
**નક્ષત્ર – જ્યોતિષ**
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...
**એક્ટિવ** ઓર્થોપેડીક હોસ્પિટલ
ડૉ. નિકુંજ ઠુંમર જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન +૯૧ ૯૦૯૯૮૮૮૭૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન +૯૧ ૯૦૯૯૮૯૮૭૧૦
**માતૃત્વ** વુમન્સ હૉસ્પિટલ
DEDICATED TO WOMEN'S HEALTH
ડૉ. ઋજુલબેન ગજેરા ઠુંમર
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦
આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો





બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



# ગુજરાતમાં જુલાઈ-૨૦૨૪ મહિનામાં વરસેલા ભારે વરસાદથી નુકશાનગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રૂા. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલ

જૂનાગઢ, તા.૨૪

વિધાનસભા ગૃહ ખાતે જાહેર અગત્યની બાબત પર નિવેદન અને ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાયરૂપ થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા ઉદાર હદયે રૂા. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાત સરકારનો અભિગમ હંમેશા ખેડૂતલક્ષી રહ્યો છે. રાજ્યના ખેડૂતો પર આવેલી કુદરતી આપદાના સમયે ભારત અને ગુજરાત સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે અડીખમ ઉભી છે. ખેડૂતોને વાવણીની શરૂઆતના તબક્કે નુકશાનીમાં સહાય મળે અને તેઓ ઝડપભેર ફરી વાવેતર કરી શકે તે માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તાત્કાલિક ધોરણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.

મંત્રી શ્રી પટેલે રાહત પેકેજ અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, જુલાઈ માસમાં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાના મળી કુલ ૪૫ તાલુકામાં અનરાધાર ભારે વરસાદ વરસતા આશરે ૪,૦૬,૮૯૨ હેક્ટર વિસ્તાર ભારે વરસાદથી અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારમાં ૨૭૨ ટીમોની રચના કરી વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેના આધારે આશરે ૧.૫૦ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે.

ખેડૂતોને નિયમોનુસારની સહાય આપવા માટે નિયત કરાયેલા ધોરણો અંગે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અસરગ્રસ્ત ખેડૂતોને જીઢઈહ્ન- સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય આપવામાં આવશે. સાથે જ નુકશાનની તીવ્રતાને ધ્યાને રાખીને રાજ્ય ભંડોળમાંથી/રાજ્ય બજેટ હેઠળ વધારાની ટોપ અપ સહાય અપાશે. જેમાં રાજ્ય સરકારે નિયત કરેલા ધોરણો (૧) ખરીફ ૨૦૨૪-૨૫ ઋતુના વાવેતર કરેલા બિનપિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે જીઢઈહ્નના નોર્મ્સ મુજબ રૂા.૮,૫૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૨,૫૦૦ સહાય મળી કુલ રૂા. ૧૧,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. (૨) વર્ષાયુ અથવા પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂા. ૧૭,૦૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૫,૦૦૦ સહાય મળી કુલ રૂા. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. (૩) બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂા. ૨૨,૫૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૨ જુલાઈ, ૨૦૨૪ના રોજ વંટોળ સાથે વરસેલા ભારે વરસાદને કારણે ચીકુ અને આંબા જેવા બાગાયતી પાકોના ઝાડ પડી જવા, ડાળીઓ તૂટી જવા તેમજ કેળ પાક પડી જવાથી વ્યાપક નુકસાન થવાના અહેવાલો પણ મળ્યા છે. આવા અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક નુકશાન ન થાય તે માટે નોંધપાત્ર સહાયની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવા પાત્ર રકમ રૂા.૩,૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂા.૩૫૦૦ ચૂકવવામાં આવશે. જેમાં SDRF ઉપરાંતની તફાવતની રકમ રાજ્ય બજેટમાંથી ચૂકવવામાં આવશે, તેમ કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું.

ધરતીપુત્રો માટે ઉદાર હૃદયે રાજ્યની તિજોરી ખુલ્લી રાખવા બદલ કૃષિ મંત્રીશ્રીએ વિધાનસભા ગૃહ ખાતે ગુજરાતના ખેડૂતો વતી મુખ્યમંત્રીશ્રી તેમજ નાણાં મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, નુકશાન પેટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવનાર સહાયથી ખેડૂતોને પાક નુકશાનીમાં ચોક્કસપણે રાહત મળશે. અત્રે નોંધનીય છે કે, ખેડૂતોને સહાય આપવા અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામોની યાદી જાહેર કરવામાં આવશે. સહાય માટે નુકસાનગ્રસ્ત ગામોના નિયત નુકસાન ધરાવતા ખાતેદાર ખેડૂતોએ ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ સેન્ટર પરથી સાધનિક આધાર પુરાવા સાથે ડિજીટલ ગુજરાત પોર્ટલ પર અરજી કરવાની રહેશે. આ ઉપરાંત નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા માટે નિયતનમુનાની અરજી તાલુકા વિકાસ અધિકારીને કરવાની રહેશે.

# જૂનાગઢ તાલુકાનાં ગામોમાં મનરેગા યોજના અંતર્ગત એક પેડ માં કે નામ કાર્યક્રમનું આયોજન




જૂનાગઢ, તા.૨૪

વડાપ્રધાન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસથી 'એક પેડ માં કે નામ' અભીયાનની શરૂઆત કરવામાં આવેલ છે જે અંતર્ગત તા.૨૨-૦૮-૨૦૨૪ના રોજ જૂનાગઢ તાલુકાના ૧૫ ગામોમાં 'એક પેડ માં કે નામ' કાર્યક્રમ યોજવામાં આવેલ હતો જેમાં ગ્રામજનોએ ઉત્સાહપુર્વક ભાગ લીધેલ હતો 'એક પેડ માં કે નામ' કાર્યક્રમમાં મનરેગા યોજના અંતર્ગત ફરજ બજાવતા ગ્રામ્ય કક્ષાના કર્મચારીઓ દ્વારા જુદા જુદા ગામે જઈ ગ્રામજનોને તથા શાળાના બાળકોને પર્યાવરણનું મહત્વ સમજાવી એક વ્રુક્ષ તેમની માતા સાથે અથવા તેમની માતાને નામે વાવવા તેમજ તેની કાળજી રાખી ઉછેર કરવા અપીલ કરેલ હતી. તેમજ ગ્રામજનો તેમજ બાળકોને સાથે રાખી વ્રુક્ષારોપણની કામગીરી કરવામાં આવેલ હતી.

# ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે ખડક ચઢાણ એડવેન્ચર કોર્ષનુંઆયોજન

જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ ખાતે સામાન્ય, અનુસુચિત જાતિ તથા અનુસુચિત જન જાતિના બાળકો તથા યુવક યુવતીઓ માટે ખડક ચઢાણ એડવેન્ચર કોર્ષ વર્ષ ૨૦૨૪-૨૫ હાથ ધરવામાં આવનાર છે. જે અન્વયે ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે એડવેન્ચર કોર્ષ વિવિધ તબક્કાવાર આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કોર્ષમાં ભાગ લેવા માટે ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમુનાના ફોર્મ સાથે આધારકાર્ડની નકલ અને અન્ય જરૂરી પ્રમાણપત્રો, આધારપુરાવાની નકલ જોડી કચેરી સમય દરમ્યાન તા.૩૦/૯/૨૦૨૪ સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ૧/૧ બહુમાળી ભવન, સરદારબાગ, જૂનાગઢ – ૩૬૨૦01 ખાતે મોકલી આપવાના રહેશે. ઉપરના ખડક ચઢાણ એડવેન્ચર કોર્ષના ફોર્મ જે તે જિલ્લાના જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી મેળવી શકાશે તેમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### મધ્યકાલીન યુગની હજારો રચનાઓ તારવવામાં આવી, હવે સંશોધન થશે

# ગુજરાતના મધ્યકાલીન ભક્ત કવિઓના ગહન વારસાને સાચવવાનો રાજ્ય સરકારનો અનોખો પ્રયાસ

## જૂનાગઢમાં નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્ર વર્ષ ૨૦૨૫ અંત સુધીમાં નિર્માણ પામશે





જૂનાગઢ, તા.૨૪

ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ 'નર્મદ'ના જન્મદિવસે ૨૪ ઓગસ્ટના રોજ વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતના ગહન આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાને સંરક્ષિત કરવાની દિશામાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે આ વર્ષે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આપણા અમૂલ્ય વારસા સાથે સંકળાયેલા ગુજરાતના મધ્યકાલીન કવિઓની હસ્તપ્રતો અને રચનાઓને સંરક્ષિત કરવા માટે ભક્ત કવિ નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ? ૧૫ કરોડના ખર્ચે જૂનાગઢમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી પરિસરમાં પાંચ એકર વિસ્તારમાં આ સંશોધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી રહી છે. ફેબ્રુઆરી ૨૦૨૪માં પ્રવાસન અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે સંશોધન કેન્દ્રના ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં આ કેન્દ્રની કામગીરી પૂર્ણ થશે.

**મધ્યકાલીન યુગની હજારો રચનાઓ તારવવામાં આવી**

આ પ્રોજેક્ટ અંગે વધુ માહિતી આપતા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ ભાગ્યેશ જહાએ જણાવ્યું કે, "મધ્યકાળમાં જેટલું કામ ગુજરાતી ભાષામાં થયું છે, તેટલું કોઈ ભારતીય ભાષાઓમાં નથી થયું. એ કામ બહાર લાવવું ખૂબ જ જરૂરી છે. એ સમયના નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ, ભાલણ, અખો, દયારામ, ગંગાસતી-પાનબાઈ સહિતના કવિઓ અને ભક્તોનો એક સમૃદ્ધ વારસો છે. મધ્યકાલીન યુગની જ વાત કરીએ તો અત્યાર સુધી અલગ અલગ હજારો રચનાઓ અમે તારવી છે. આ સંશોધન કેન્દ્રના માધ્યમથી તે પદો ઉકેલીને તેનું યોગ્ય અર્થઘટન કરવામાં આવશે અને વર્તમાન સાપેક્ષમાં તેને રજૂ કરવામાં આવશે જેથી તે વર્તમાન અને ભવિષ્યની પેઢી સુધી પહોંચે."

**મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મ્યુઝીયમ બનશે**

આ સંશોધન કેન્દ્રમાં મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મ્યુઝીયમ બનાવવામાં આવશે. આ મ્યુઝીયમમાં મધ્યકાલીન હસ્તપ્રતો અને તેની રેપ્લિકાઓ, વર્ચ્યુઅલ રિયાલીટીના માધ્યમથી સાહિત્ય અને કૃતિ–કર્તાનું નિદર્શન, સાહિત્યકારોના જીવનકવન તેમજ મધ્યકાલીન પુસ્તકોને ડિજિટલ તથા ઓડિયો અને વીડિઓ સ્વરૂપે દર્શાવવામાં આવશે. ભારતમાં કોઈ ભાષાના આદિકવિનું આધુનિક મ્યુઝીયમ નથી. આ દૃષ્ટિએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું મ્યુઝીયમ આ પ્રકારનું પ્રથમ મ્યુઝીયમ હશે. આ ઉપરાંત આ કેન્દ્રમાં સંશોધન કક્ષ, ઈ લાઈબ્રેરી, ગ્રંથ મંદિર અને ઓડીટોરીયમનું પણ નિર્માણ કરવામાં આવશે.

**યુવાનો માટે 'કાફેમાં કવિતા'**

આજના સમયમાં યુવાનોને ગુજરાતી સાહિત્ય તરફ આકર્ષિત કરવા માટે ગુજરાત સાહિત્ય અકાદમીના માર્ગદર્શન હેઠળ કાફેમાં કવિતા કાર્યક્રમ ચલાવવામાં આવે છે. ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડો.જયેન્દ્રસિંહ જાદવે આ નવી પહેલ વિશે જણાવતા કહ્યું કે, "સામાન્ય રીતે આજના યુવાનો કાફેમાં ઘણો સમય પસાર કરતા હોય છે. તેથી અમે વિચાર્યું કે સાહિત્યને જ યુવાનો સુધી લઈ જઈએ. એટલા માટે 'કાફેમાં કવિતા' કાર્યક્રમની શરૂઆત કરી. આ કાર્યક્રમ રાજયના અલગ અલગ શહેરોમાં થાય છે અને યુવાનો તેમાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે."

# પાર્કસન્સ કાર્ટામુંડીએ ગુજરાતમાં જન્માષ્ટમીના અવસરે આઈકોનિક બાઈસિકલ® બ્રાન્ડ પ્લેયિંગ કાર્ડસ રજૂ કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૪

વૈશ્વિક સ્તરે પ્લેયિંગ કાર્ડસની અગ્રણી બ્રાન્ડ પાર્કસન્સ કાર્ટામુંડી દ્વારા ભારતમાં આઈકોનિક બાઈસિકલ® બ્રાન્ડની રજુઆત કરવામાં આવી છે. આ વ્યૂહાત્મક ભાગીદારી નોંધપાત્ર સીમાચિન્હ છે, આઈકોનિક અમેરિકન બ્રાન્ડે ગુજરાતનાં પત્તા રમવાના શોખીનો સાથે શરૂઆત કરતાં સ્વર્ણિમ ભારતીય બજારમાં ભવ્ય પ્રવેશ કર્યો છે. ગુજરાત તેના ઊંડા સાંસ્કૃતિક મૂળિયા અને ખાસ કરીને સાતમ અને આઠમના અવસરે તેની પ્રસિદ્ધ પત્તા રમવાની પરંપરા સાથે બજારમાં બાઈસિકલના પ્રવેશ માટે ઉત્તમ નિમિત્ત પૂરૂ પાડે છે. પાર્કસન્સ કાર્ટામુંડી તેના વ્યાપક વિતરણ નેટવર્ક અને ભારતીય બજારની ઊંડી સમજ સાથે બ્રાન્ડ વ્યાપક દર્શકો સુધી પહોંચવાની ખાતરી રાખશે. આ લોન્ચની ઉજવણી કરવા અને બાઈસિકલ® પ્રત્યે જાગૃતિ વધારવા માટે બાઈસિકલ® પાર્કસન્સ કાર્ટામુંડીએ ગુજરાતમાં ગ્રાહકો સાથે સહભાગ વધારવા માટે ઘણી બધી રોમાંચક ગતિવિધિઓનું આયોજન કર્યું છે. આ ગતિવિધિ વિશે બોલતાં પાર્કસન્સ કાર્ટામુંડી પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ અને એમડી કપિલ કેજરીવાલે જણાવ્યું હતું કે, "અમને ખાસ કરીને ગુજરાતના સ્વર્ણિમ રાજ્ય સાથે ભારતીય બજારમાં દંતકથા સમાન બાઈસિકલ બ્રાન્ડ લાવવા માટે ભારે રોમાંચ છે. ખાસ કરીને જન્માષ્ટમી જેવા તહેવારના અવસરો દરમ્યાન પત્તાની રમત માટે ઘેરા પ્રેમ સાથે ગુજરાત આ આઈકોનિક બ્રાન્ડ માટે આદર્શ બજાર પૂરી પાડે છે. પત્તાની રમતો હંમેશા આ તહેવારના પારિવારિક મેળાવડાઓનો મજેદાર હિસ્સો રહ્યો છે." કાર્ટામુંડાના ગ્રુપ સીઈઓ સ્ટીફન મર્કક્સે જણાવ્યું હતું કે, "અમને ભારતીય ગ્રાહકો સમક્ષ બાઈસિકલ® બ્રાન્ડ રજૂ કરીને તેમને પત્તા રમવામાં અજોડ અનુભવ પ્રદાન કરવાનો ભારે રોમાંચ છે.

આ રમત માટે ભારતની ઊંડાં મૂળિયા ધરાવતી લગની અને તેનો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો તેને બાઈસિકલ®નો જાદુ આદાન-પ્રદાન કરવા અમારે માટે ઉત્તમ મંચ બનાવે છે. પાર્કસન્સ કાર્ટામુંડી અને બાઈસિકલ® વચ્ચે જોડાણ પરંપરા, ગુણવત્તા અને નાવીન્યતાને જોડતી પ્રોડક્ટ સાથે ભારતીય બજારને મોહિત કરવાના અમારો રોમાંચક પ્રવાસનો આ આરંભ છે.

# જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા રાષ્ટ્રીય અવકાશ દિવસ-૨૦૨૪ની ઉજવણી



ગીર સોમનાથ, તા.૨૪

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર પ્રસ્થાપિત શ્રી ધર્મભક્તિ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ગીર સોમનાથ દ્વારા આજરોજ તારીખ.૨૩/૮/૨૦૨૪ ના રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણી કરવામાં આવે આ અંગે માહિતી આપતા લોકવિજ્ઞાન કેન્દ્રના ઓડીનેટર નરેશભાઈ એન. ગુંદરાણીયાએ જણાવેલ કે આપણો દેશ આજે એટલે કે ૨૩ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તેનો પ્રથમ રાષ્ટ્રીય અવકાશ દિવસ (India's First National Space Day) ઉજવી રહ્યો છે. ૨૩મી ઓગસ્ટની તારીખ હવેથી ભારતીય ઈતિહાસમાં રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઓળખાશે. આ દિવસ ચંદ્રયાન-૩ મિશનની ઐતિહાસિક સફળતાના રૂપમાં ભારતની અવકાશ યાત્રામાં એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે.

વર્ષ ૨૦૨૩ માં આ દિવસે, ભારત ચંદ્ર પર ઉતરનાર ચોથો અને ચંદ્રના દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રની નજીક ઉતરનાર પ્રથમ દેશ બન્યો. આ નોંધપાત્ર સિદ્ધિ સાથે, ૨૩ ઓગસ્ટને રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી. ચંદ્રયાન-૩ મિશન ૨૩ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ સફળ રહ્યું હતું. તેણે ચંદ્ર ઉપર સોફ્ટ લેન્ડિંગ કરીને ઈતિહાસ રચ્યો હતો. તે જ્યાં ઉતર્યું તે સ્થાન હવે શિવ શક્તિ પોઈન્ટ તરીકે ઓળખાય છે. અવકાશ સંશોધન અને સંશોધનમાં ભારતની તકનીકી પ્રગતિની ઉજવણી કરવા માટે રાષ્ટ્રીય અવકાશ દિવસની જાહેરાત કરવામાં આવી હતી. ચંદ્રયાન-૩ની સફળતાએ ભારતને વૈશ્વિક અંતરિક્ષ રેસમાં ન માત્ર એક મુખ્ય ખેલાડી બનાવ્યું પરંતુ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ISROના વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોની મહેનતને પણ માન્યતા આપી.

૨૦૨૪ માટે રાષ્ટ્રીય અવકાશ દિવસની થીમ "ચન્દ્રને સ્પર્શ કરતી વખતે જીવનને સ્પર્શવું: ભારતની અવકાશ સાગા" છે. જે સમાજ અને ટેકનોલોજી પર અવકાશ સંશોધનની ઊંડી અસર પર ભાર મૂકે છે. તેનો હેતુ સમાજ ઉપર અવકાશ સંશોધનની સકારાત્મક અસરને પ્રકાશિત કરવાનો છે. તેમજ આજના દિવસની વિસ્તૃત સમજ માટે સાયન્સ કમ્યુનિકેટર ધર્મેશભાઈ મકાણી દ્વારા વીડિયો પ્રેઝન્ટેશન કરી વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ વકૃત્વ સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવેલ. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એકેડેમિક કો-ઓર્ડીનેટર વિજયભાઈ કોટડીયા દ્વારા કરવામાં આવેલ.

# તરણેતર લોકમેળાના ૧૯માં ગ્રામીણ ઓલિમ્પિકમાં ભાગ લેવા માટે ખેલાડીઓએ તા.૩૦ ઓગસ્ટ સુધીમાં અરજી કરવી

જૂનાગઢ, તા.૨૪

તરણેતર ખાતે ૧૯માં ગ્રામીણ ઓલિમ્પિક ના ભવ્ય આયોજન અંતર્ગત તારીખ ૬/૯/૨૦૨૪થી ૮/૯/૨૦૨૪ દરમ્યાન કરવામાં આવેલ છે. આ ગ્રામીણ ઓલિમ્પિકમાં જૂનાગઢ જિલ્લાના વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે. આ ગ્રામીણ ઓલિમ્પિકમાં ભાઈઓ તથા બહેનો માટે ટૂંકી દોડ, લાંબી દોડ, લાંબી કુદ, કુસ્તી, વોલીબોલ ,કબડ્ડી, રસ્સાખેંચ, લંગડી વગેરે જેવી પરંપરાગત રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ ઓલિમ્પિકમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ તારીખ ૩૦/૮/૨૦૨૪ સુધીમાં એન્ટ્રી કરાવવાની રહેશે. એન્ટ્રી કરવા માટે જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે સમયસર મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે. આ ઓલમ્પિકમાં ભાગ લેવા માટે ૧૨ થી ૧૬ વર્ષ ની નાની વયના શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાની શાળાના આચાર્યના સહી સિક્કા કરાવી એન્ટ્રી મોકલવાની રહેશે. વધુ માહિતી માટે કચેરી નંબર ૭૮૫૯૯ ૪૬૯૮૪ પર સંપર્ક કરવાનો રહેશે તેમ જૂનાગઢ જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક


## તંત્રી લેખ

# હવામાનથી સાવધાન

કાશ્મીરથી કન્યાકુમારી સુધી હવામાનનો માર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. હવામાન જનિત દુર્ઘટનાઓનો દુઃખદ દોર ચાલી રહ્યો છે અને દેશ પૂરતી મજબૂતીથી પ્રતિકૂળ સ્થિતિઓનો સામનો કરી રહ્યો છે. ઠેર-ઠેર પાણી ભરાયાં છે અને ગંદકીનું પણ સામ્રાજ્ય છે, એટલે સૌથી મોટી ચિંતા વધતી બીમારીઓની છે. વરસાદ જ્યાં વધુ થયો છે અને જ્યાં ઓછો થયો છે, ત્યાં પણ વિવિધ બીમારીઓનો પ્રકોપ વધી રહ્યો છે. રાજ્ય સરકારો પણ ચિંતિત છે અને કેન્દ્ર સરકાર પણ. સરકારે માની લીધું છે કે આ વર્ષે ભારતમાં ડેંગ્યૂના કેસોમાં વધારો થયો છે. સ્વાસ્થ્ય મંત્રીએ પુષ્ટિ કરી છે કે દેશભરમાં અત્યાર સુધી ડેંગ્યૂના ૩૨,૯૦૧ કેસો આવ્યા છે જે ગયા વર્ષની આ જ અવધિની તુલનામાં બહુ વધારે છે. આવનાર દિવસોમાં આ કેસો વધવાની સંભાવના છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે નેશનલ સેન્ટર ફોર વેક્ટર બોર્ન ડિસિઝ કંટ્રોલના આંકડાનો હવાલો આપતાં જણાવ્યું કે આ વર્ષે જૂનમાં જ ડેંગ્યૂનો પ્રકોપ વધી ગયો હતો. ડેંગ્યૂને કારણે દેશભરમાં ૩૨ થી વધારે લોકોનાં મોત થયાં છે, જેમાં સૌથી વધારે ૨૨ મોત કેરળમાં થયાં છે. કર્ણાટક, તમિલનાડુ, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ મોત થયાં છે. દેશમાં ડેંગ્યૂના પ્રકોપની સ્થિતિની નિયમિત સમીક્ષા અને નિરીક્ષણ શરૂ થઈ ગયા છે. એ જરૂરી છે કે સ્થિતનું આકલન, તૈયારી, ટેકનિકલ માર્ગદર્શન પર ધ્યાન આપવું જોઈએ અને રાજ્યોને સચેત કરવાં જોઈએ. હોસ્પિટલોમાં પણ દર્દીઓની સંખ્યા વધી છે. બીજા પ્રકારના વાયરલ તાવનો પણ પ્રકોપ વધ્યો છે. હોસ્પિટલને પોતાના સ્તર પર સતર્ક રહેવાની સાથે જ લોકોએ પણ સચેત રહેવું પડશે. આસપાસ સફાઈ રાખવી અને પોતાના સ્વાસ્થ્યની સુરક્ષાનું ધ્યાન રાખવું જરૂરી છે. એ મોટો સવાલ છે કે બીમારીઓ કેમ વધી રહી છે? જોકે, જળવાયુ પરિવર્તને પણ દુનિયામાં બીમારીઓને ઉત્તેજન આપ્યું છે. જો આપણે માત્ર ડેંગ્યૂની જ વાત કરીએ, તો દુનિયાના અનેક દેશોમાં તે ફેલાઈ રહ્યો છે. ભારતમાં એક ચિંતા ઝિકા વાયરસને લઈને પણ છે. સંસદમાં સરકારે કહ્યું કે ઝિકા વાયરસ રોગને ડામવા માટે એક કાર્યયોજના તૈયાર કરાઈ છે અદ્ધે દેશમાં ૨૨ જુલાઈ સુધી ઝિકા વાયરસથી ગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૫૩૭ સુધી પહોંચી ગઈ હતી. આ વાયરસ કેમ ભારે ચિંતાનું કારણ બની રહ્યો છે? શું તેના વિરુદ્ધ લડાઈમાં આપણે કમજોર પડી રહ્યા છીએ. ઝિકા વાયરસનો પ્રકોપ મહારાષ્ટ્રમાં વધારે છે અને તેને બાકી રાજ્યોમાં ફેલાતો રોકવા માટે વ્યવસ્થાપન કરવું જોઈએ. સરકારે જે પગલાં ભરવાનું હોય તે વહેલાં ભરે અને સાથે જ લોકોને પણ યુદ્ધ સ્તરે જાગૃત કરવા પડશે. આવા વિપરિત હવામાનમાં ખાનપાનમાં સતર્કતા અને સ્વચ્છતાનું ધ્યાન રાખવું બહુ જરૂરી છે.

## બોલીવૂડ સુપરસ્ટાર હિમેશ રેશમિયાએ કર્યા સાળંગપુર શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દર્શને



સાળંગપુર, તા.૨૪

બોલીવૂડ સુપરસ્ટાર હિમેશ રેશમિયાએ કર્યા સાળંગપુર શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાના દર્શન, "કિંગ ઑફ સાળંગપુર" પ્રતિમાના કર્યા દર્શન કર્યા હતા.

બોલીવુડના પ્રખ્યાત ડિરેક્ટર, મ્યુઝિક ડિરેક્ટર ગીતકાર, સંગીતકાર અને પ્રખ્યાત સિંગર એવા હિમેશ રેશમિયા તા.૨૩-૮-૨૦૨૪ને ગુરૂવારના રોજ વિશ્વ વિખ્યાત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરધામ ખાતે દર્શને પધાર્યા હતા. શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને શીશ ઝુકાવી કર્યા દર્શન ત્યારબાદ કોઠારી વિવેકસાગર સ્વામિ-અથાણાવાળાના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. તેમજ દાદાની પ્રતિમા અર્પણ કરી હતી. પ્રખ્યાત સિંગર એવા હિમેશ રેશમિયાએ શ્રી કષ્ટભંજનદેવ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી કરી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

યજ્ઞ, દાન અને તપ ગમે તેટલા કરો પરંતુ શ્રધ્ધા વગર તે નકામા છે - શ્રીમદ્ ભગવત ગીતા

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૫ રાંધણ છઠ્ઠ, હળ છઠ્ઠ, અશ્વત્થ મારૂતિ પૂજન, છઠ્ઠનો ક્ષય છે તા.૨૪ ઓગષ્ટ ૨૦૨૪, શનિવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૧૯, અશ્વિની નક્ષત્ર, વૃધ્ધિ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૭:૧૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઈ કડવો અનુભવ થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
વૃષભ:આર્થિક લાભ મેળવી શકશો. કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે.
મિથુન:આનંદદાયક નવિન સમાચાર મળે. કઠીન કાર્યો સરળ બને.
કર્ક: માનસિક અશાંતિ અનુભવાય. વાદ-વિવાદથી દૂર રહેવું.
સિંહ: સ્વજન સાથે સંઘર્ષ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું હિતાવહ.
કન્યા: મુસાફરીથી સફળતા મળે.મહેનત પછી કાર્યમાં સફળતા મળે.
તુલા: જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય. મનમાં વ્યર્થ ચિંતા રહે.
વૃશ્ચિક:પડવા વાગવાથી સંભાળવું. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
ધન: રોકાયેલા નાણાં છૂટા થાય. કાર્યબોજ વિશેષ રહે.
મકર: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
કુંભ: આરોગ્ય બાબતે સંભાળવું. મનમાં અશાંતિ રહે.
મીન: પ્રિયજનથી લાભ મળેવી શકશો. અપેક્ષાઓ ફળતી લાગે.

# અમદાવાદ સહિત અનેક જિલ્લામાં મેઘમહેર, નદીઓમાં પૂર, ડેમ છલકાયાં

## અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, દહેગામ, ખેડા, દાંતા, અમરેલી, નર્મદા અને છોટા ઉદેપુરમાં વરસાદ

અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં આગામી પાંચ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આ દરમિયાન રાજ્યના અનેક જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ પડી રહ્યો છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, દહેગામ, ખેડા, દાંતા, અમરેલી, નર્મદા અને છોટા ઉદેપુરમાં વરસાદ ખાબક્યો હતો. ધારી નજીક આવેલો શેત્રુંજી નદીમાં પૂર આવતા ફરીવાર ધારી ખોડિયાર ડેમ ઓવર ફ્લો થયો છે. જેના કારણે અમરેલી અને ભાવનગર જિલ્લાના ગામડાઓને એલર્ટ કરાયા છે. દ્બઅમદાવાદ શહેરમાં સતત બીજા દિવસે વરસાદી માહોલ જામ્યો છે. શહેરના રાણીપ, વાડજ, ઘાટલોડિયા, ચાંદલોડિયા ચાણક્યપુરી, નરોડા, કુબેરનગર, એરપોર્ટ, કોતરપુર, મેમ્કો, સૈજપુર સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડ્યો છે. ભારે વરસાદના લીધે અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા હતા. અમદાવાદ શહેરમાં આજે (૨૩મી ઑગસ્ટ) સવારે ૧૧થી ૧૨:૩૦ દરમિયાન સૌથી વધુ પશ્ચિમ ઝોનમાં ૩૪ મિ.મી. વરસાદ પડ્યો હતો અને સમગ્ર શહેરમાં સરેરાશ ૧૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે ચાંદખેડામાં ૪૭ મિ.મી. અને વાસણામાં ૪૪ મિ.મી વરસાદ પડ્યો હતો.

અમરેલી જિલ્લાના બગસરા,ધારી,ખાંભા પંથકમાં વરસાદ વરસ્યો છે. બોરાળા, ચકરાવા, ભૂંડણી, મોટા બારમણ ગામમાં વરસાદ વરસ્યો છે. ધારી નજીક આવેલો શેત્રુંજી નદીમાં પૂર આવતા ફરીવાર ધારી ખોડિયાર ડેમ ઓવર ફ્લો થતા બે દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા છે. જેને લઈને અમરેલી જિલ્લામાં ૩૪ ગામડા અને ભાવનગર જિલ્લાના ૧૨ ગામડાને તંત્ર દ્વારા એલર્ટ આપવામાં આવ્યું છે.

બીજી તરફ દહેગામ, સાબરકાંઠા, દાંતા, નર્મદા, છોટાઉદેપુર જિલ્લામાં આજે (૨૩મી ઑગસ્ટ) વહેલી સવારથી વરસાદી માહોલ સર્જાયો છે. સારા વરસાદથી ખેડૂતમો ખુશી જોવા મળી રહી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે (૨૩મી ઑગસ્ટ) બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ૧૮ જિલ્લામાં નો વોર્નિંગ જાહેર કરવામાં આવી છે.

### માલવિયાનગરના એક પીએસઆઈનો ઓડિયો હોવાની ચર્ચા

# રાજકોટમાં ૧૫ હજારની લાંચ માગી રહેલા PIનો ઓડિયો વાઈરલ

## એડવોકેટ સાથે ચર્ચા કર્યા બાદ મહિલા ફોજદારે અરજી ફાઈલ કરવા રૂા. ૫૦ હજારની લાંચ માંગી હતી જે બાદ રકઝકના અંતે રૂા. ૧૫ હજારમાં સેટીંગ કર્યુ હતું

રાજકોટ, તા.૨૪

રાજકોટ મહાનગરમાં વિવિધ સરકારી વિભાગો જાણે લાંચીયા અધિકારીઓના 'રાજ' હોય અને કચેરીઓ જાણે લાંચનો 'કોટ' એટલે કે ગઢ હોય તેવું ચિત્ર ઉપસવા લાગ્યું છે. અગ્નિકાંડમાં લાંચમાં અનેક સરકારી સ્ટાફ દાઝ્યો છે ત્યાં વધુ એક મહિલા પોલીસ અધિકારીનો લાંચ માંગતો ઓડિયો વાયરલ થતા ચકચાર મચી ગઈ હતી. રૂા.૧૫ હજારના લાંચ પ્રકરણની સમગ્ર ઘટના એસીબીના ધ્યાન પર હોવાનું પણ ચર્ચાય છે. કમલેશભાઈ ભીખુભાઈ લાઠીયાને તેની બહેન સાથે લેતીદેતી બાબત વિવાદ થયો હતો. આ મામલે માલવીયાનગર પોલીસ સ્ટેનમાં અરજી થઈ હતી. અરજીની તપાસમાં પર્ણકુટી પોલીસ ચોકીએ નિવેદન માટે પક્ષકારોને બોલાવવામાં આવ્યા હતા. જયાં મહિલા પીએસઆઈએ ગુનો નોંધવા બાબતે પક્ષકારોને ધમકાવતા તેઓએ તેમના એડવોકેટને જાણ કરી હતી. બાદમાં એડવોકેટ સાથે ચર્ચા કર્યા બાદ મહિલા ફોજદારે અરજી ફાઈલ કરવા રૂપિયા ૫૦ હજારની લાંચ માંગી હતી. જે બાદ રકઝકના અંતે રૂા. ૧૫ હજારમાં સેટીંગ કર્યુ હતું.

અડધો કલાકમાં પૈસાની વ્યવસ્થા ન થતા એડવોકેટ તેમના અસીલના આગોતરા જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી. બાદમાં કોર્ટે એફઆરઆઈ કરવાની થતી હોય તો સાત દિવસ પહેલા અને નિવેદન નોંધવા માટે બોલાવવાના થતા હોય તો સાત દિવસ પહેલા જાણ કરવાનો હુકમ કર્યો હતો.બાદ પણ બીજા દિવસે મહિલા પીએસઆઈએ પક્ષકારને બોલાવી ધમકાવ્યા હતા. જે બાબતે એડવોકેટ મધ્યસ્થી કરતા મોબાઈલ વાતચીતમાં ફોજદારે રૂા.૧૫ હજારની લાંચ માંગી હતી. જે બાદ એડવોકેટે એસીબી કચેરીમાં બેસીને જ લાંચનું છટકુ ગોઠવ્યું હતું પરંતુ એસીબીએ ગોઠવેલ છટકુ નિષ્ફળ નિવડયું હતું. જે બાદ મહિલા પીએસઆઈએ રાજકીય આગેવાનોને સાથે રાખી સમાધાન કરવાના પ્રયાસ કર્યા હોવાનું ચર્ચાય છે.

# કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરીના પ્રોસેસર વિનામૂલ્યે બદલી શકાશે

## ચાલુ વર્ષે ૭૦૦ જેટલા બાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ પ્રોસેસર બદલવાની તાકીદે જરૂરિયાત જણાઈ આવી છે

અમદાવાદ, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ બાળ આરોગ્ય સંભાળ અને સ્વાસ્થ્ય અંગે સંવેદનશીલ નિર્ણય કરાયો છે. ગુજરાત વિધાનસભામાં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે નિયમ-૪૪ મુજબ આરોગ્ય વિષયક મહત્વની જાહેરાત કરી હતી. જે બાળકોનું સરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરાયું હોય અને કેટલાક કારણોસર આ પ્રોસેસર બગડી ગયું હોય, તૂટી ગયું હોય, ખામી સર્જાઈ હોય કે બંધ પડી ગયું હોય જેવા કિસ્સાઓમાં કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોસેસરને સંપૂર્ણપણે વિનામૂલ્યે બદલી આપવાનો રાજ્ય સરકારે સંવેદનશીલ નિર્ણય કર્યો છે.

અગાઉ જે બાળકોને સરકાર તરફથી એકવાર વિનામૂલ્યે કોકલિયર ઈમ્પ્લાન્ટ કરવામાં આવેલ હોય તેવા બાળકોને બીજી વખત ઈમ્પ્લાન્ટ પ્રોસસર બદલવા માટે રાજ્ય સરકાર દ્વારા કુલ રકમના ૯૦ ટકા અને વાલી દ્વારા ૧૦ ટકા ફાળો આપવાનું નક્કી કરાયું હતું.

પરંતુ રાજ્ય સરકારે બાળકો પ્રત્યે સંવેદના દાખવીને સંપૂર્ણપણે આ પ્રોસેસર બદલવાનો નિર્ણય કર્યો છે. જેથી હવે બાળકોના માતા-પિતાને એક પણ રૂપિયાના ખર્ચ કરવાની જરૂર રહેશે નહીં. રાજ્યમાં હાલ રાજ્યમાં ૧૩૬૫ જેટલા બાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ પ્રોસસર કીટ બદલવા માટે Identify કરાયા છે .જે પૈકી ચાલુ વર્ષે ૭૦૦ જેટલા બાળકોના કોકલિયર ઈમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ પ્રોસેસર બદલવાની તાકીદે જરૂરિયાત જણાઈ આવી છે. જેમાં એસેસમેન્ટ, ફીટીંગ અને મેપીંગ કેપેસીટીનો સમાવેશ થાય છે. એક બાળકદીઠ અંદાજીત રૂપિયા ૫ લાખનો ખર્ચ થશે. આમ અંદાજીત ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે આ તમામ બાળકોને નવીન પ્રોસેસરનો લાભ મળશે.

અત્રે નોંધનીય છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં રાજ્યના ૩૧૬૩ જેટલા બાળકોની ૨૨૧ કરોડ રુપિયાના ખર્ચે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આ સર્જરી કરાય છે જેનો અંદાજીત ખર્ચ ૭ લાખ રુપિયા છે. આ ઈમ્પ્લાન્ટમાં વપરાતા પ્રોસેસર સમય જતા, ટેકનોલોજી એડવાન્સ થતા, અપગ્રેડ થતા, ટેકનોલોજી અપડેટ થતા કેટલાક કિસ્સામાં બદલવાની જરૂર રહે છે. વધુમાં કેટલાક કિસ્સામાં ખોવાઈ જાય, તૂટી જાવાના કારણે પણ બાળક પોતાની શ્રવણ શક્તિ ફરી ગુમાવી ન બેસે તે માટે આ તમામ બાળકોને નવીન પ્રોસેસરનો લાભ આપવાનો નિર્ણય કરાયો છે. એક વખત કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કર્યા બાદ બાળકને ૧૦૦ સ્પીચ થેરાપીના સેશન સહિતની ગુણવત્તાસભર સારવાર પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવાય છે.સુપર સ્પેશ્યાલિટી સારવાર માટે અમદાવાદ ખાતે રીફર થતા શાળા આરોગ્ય કાર્યક્રમના તમામ બાળ લાભાર્થીઓને તેમના રહેઠાણથી આરોગ્ય સંસ્થા સુધીનું જવા આવવાનું મુસાફરી ભથ્થુ ,એસ.ટી. ના ભાવ મુજબ આપવામાં આવે છે.

# દ્વારકામાં ૧૦૮માં નિઃશુલ્ક નેત્રયજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૪

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, દ્વારકાના ઉપક્રમે અને પૂજ્ય શ્રી રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટના તેમજ આનંદભાઈ ગોકાણી મેનેજીંગ ટ્રસ્ટી માતુ મોંઘીબેન હ.વિ.ગો.મે. ચે. ટ્રસ્ટ, દ્વારકાના સંયુકત સહયોગથી તા.૩૧-૮-૨૦૨૪ને શનિવારના રોજ શ્રી લોહાણા મહાજન વાડી, સ્વામનિારાયણ માર્ગ, દ્વારકા ખાતે સવારે ૯:૩૦થી ૧૨:૩૦ સુધી નિઃશુલ્ક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આંખના દર્દોનું નિદાન કરી ટ્રીટમેન્ટ કરવામાં આવશે. મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને કેમ્પના દિવસે જ રાજકોટ લઈ જઈ નિઃશુલ્ક મોતિયાનું ઓપરેશન કરી નેત્રમણી બેસાડી ટ્રીટમેન્ટ કરી દ્વારકા પરત લાવવામાં આવશે. દર્દીઓને લાવવા-લઈજવા, રહેવા- જમવાની સુવિધા પણ વિનામૂલ્યે રાખેલ છે. તો આ કેમ્પનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ છે. કેમ્પના દિવસે સવારે ૯ થી ૧૦:૩૦ વચ્ચે નામ નોંધાવવાનું રહેશે. કેમ્પ અંગે વધુ માહિતી માટે (૧) અશ્વનિભાઈ સી. ગોકાણી (દ્વારકા) ૯૮૭૯૧ ૭૭૧૪૦, (૨) દિલીપભાઈ કોટેચા (મીઠાપુર) ૯૮૨૪૨ ૩૮૧૬૩, (૩) હસમુખભાઈ કાનાણી (સુરજકરાડી) ૮૧૨૮૫ ૯૫૯૯૬ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. આ કેમ્પનો જાહેર જનતાને લાભ લેવા અનુરોધ છે.

### પોલીસને પડકાર ફેંકતા નસેડીઓ

# ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ જોવા મળી

## દમણમાં યુવક નિર્વસ્ત્ર થઈ મોલની છત પર ચડ્યો, રાજકોટમાં બગીચામાં જમાવી દારૂની મહેફિલ

રાજકોટ, તા.૨૪

ગુજરાત ભલે ડ્રાય સ્ટેટ કહેવાતું હોય પરંતુ સૌથી વધારે અહીં જ દારૂ પકડાયાના સમાચારો સામે આવતા હોય છે. ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ જોવા મળતી હોય એવા અનેક દશ્યો આપણને જોવા મળતા હોય છે. લોકોને જાણે કાયદાનો ડર જ ન રહ્યો એમ બેફામ અને બેરોક થઈને લોકો જાહેરમાં પણ દારૂ પીતા અચકાતા નથી. આવા જ દશ્યો રાજકોટ અને સંઘ પ્રદેશ દમણમાંથી સામે આવી રહ્યાં છે. દેશી દારૂ પીને જાહેરમાં તમાશો કરતા આ યુવકો જાણે પોલીસને પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે. રાજકોટ જાણે દેશી દારૂનું હબ બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. શહેરના રેસકોર્સ મેદાન પાસે બાળકોના બગીચામાં દારૂની મહેફિલનો વિડીયો આવ્યો છે.

જેમાં બે યુવાનો ખુલ્લેઆમ દારૂની મહેફિલ માણતા નજરે પડી રહ્યાં છે. બે યુવાનો બગીચાની વચ્ચે આવેલા ઝૂલા પર ચઢીને ધોળા દિવસે કાયદાનો ડર રાખ્યા વિના દારૂ પી રહ્યાં છે. આજુ બાજુમાં બાળકો રમતા હોવા છતાં કોઈ પણ દરકાર કર્યા વગર તે લોકો મહેફિલ માણી રહ્યાં છે. ત્યારે સવાલ એ થાય છે કે, પોલીસ શું કરી રહી છે? આ વાયરલ વીડિયો મામલે રાજકોટ શહેર પોલીસે તપાસ શરૂ કરી છે. બીજી તરફ સંઘ પ્રદેશ દમણમાંથી પણ આવો જ પણ બીભત્સ કહી શકાય એવો વિડીયો સામે આવ્યો છે. અહીં ભલે દારૂની ભલે છૂટ આપવામાં આવી હોય પરંતુ શોલે ફિલ્મ જેવા દશ્યો સામે આવ્યા છે.

એક નશેડી નિર્વસ્ત્ર થઈ મોલની છત પર ચઢી ડ્રામા કરી પોતાના જીવને જોખમમાં મૂક્યો હતો. નશાની હાલતમાં યુવકે દમણના ડાભેલમાં એક જાણીતા મોલના ચોથા માળ પર ચઢી એક કલાક સુધી ડ્રામા કર્યો હતો. લોકોએ બૂમો પાડીને યુવકને સમજાવવાના અનેક પ્રયત્નો કર્યા હતા. એક કલાકથી વધુ સમય સુધી તેને સમજાવી નીચે ઉતારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. આખરે દોઢ કલાક બાદ સમજાવટથી યુવકને નીચે ઉતારાયો હતો.

# ગુજરાતમાંથી જ્યોતિર્લિંગના દર્શન માટે ગયેલા ૪૦૦ યાત્રિકોને ઉજ્જૈનમાં કડવો અનુભવ થયો

## ૫૦,૦૦૦ ખર્ચવા છતા સુવિધાનો સદંતર અભાવ જોવા મળ્યો છે

## યાત્રાળુઓએ IRCTCના વિરોધમાં નારા લગાવી બળાપો ઠાલવ્યો હતો

અમદાવાદ, તા.૨૪

ગુજરાતમાં IRCTCની વિશેષ ટ્રેન દ્વારા ૭ જ્યોતિર્લિંગના દર્શનાર્થે ગયેલા ૪૦૦ યાત્રિકોને કડવા અનુભવ થયા છે. ઉજ્જૈનમાં યાત્રિકોને ભોજન સહિતની સુવિધા મુદ્દે અવ્યવસ્થા સહન કરવાનો વારો આવ્યો છે. ૭ જ્યોતિર્લિંગની યાત્રાને લઈને ૪૦૦ યાત્રિકોએ બુકિંગ કરાવ્યુ હતુ. આ બુકિંગના ૫૦ હજાર રૂપિયા તેમણે ખર્ચ્યા હતા. યાત્રિકોનો આક્ષેપ છે કે ૫૦,૦૦૦ ખર્ચવા છતા સુવિધાનો સદંતર અભાવ જોવા મળ્યો છે. યાત્રાળુઓએ IRCTCના વિરોધમાં નારા લગાવી બળાપો ઠાલવ્યો હતો.અસુવિધા મામલે યાત્રિકોએ IRCTC વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. એક યાત્રિકના જણાવ્યા અનુસાર તેમને પ્રથમ દિવસથી અસુવિધાનો કડવો અનુભવ થયો હતો અને બીજા દિવસે પણ એ જ સ્થિતિ રહી હતી. ઉપરાંત ઉતારાનું સ્થળ અને ભોજન-નાસ્તા માટેનું સ્થળ ૧૫ કિલોમીટર દૂર રાખવામાં આવ્યુ છે. જેમા યાત્રિકોને તેમના પોતાના પૈસા ખર્ચીને નાસ્તા સ્થળે જવુ પડ્યુ હતુ. નાસ્તાની ગુણવત્તાને લઈને પણ યાત્રિકોએ સવાલ ઉઠાવ્યા છે. નાસ્તો સારો ન હોવાથી યાત્રિકોએ બહારથી પોતાના ખર્ચે નાસ્તો કરવો પડ્યો હતો. IRCTC સામે પણ યાત્રિકોની ફરિયાદ છે કે અન્ય કોઈ ગાડીનો રિજેક્ટ કરેલો કોચ તેમને ફાળવવામાં આવેલો છે. જેમા કોઈપણ પ્રકારની સુવિધા નથી. વેસ્ટર્ન ટોયલેટ નથી કે ના તો એસીમાં કુલિંગની વ્યવસ્થા છે. બાથરૂમમાં પાણી સુદ્ધા ન આવતુ હોવાની યાત્રિકોની ફરિયાદ છે. યાત્રિકોએ IRCTCની સર્વિસ બાબતે પણ સવાલ ઉઠાવ્યા છે.

# રાજકોટના લોકોની સાતમ આઠમ બગડે તેવા એંધાણ

રાજકોટ, તા.૨૪

રાજકોટમાં યોજાનારા વાર્ષિક લોકમેળા સંદર્ભે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી છે. કોર્ટે જણાવ્યું કે લોકમેળામાં જાહેર સુરક્ષાનું પૂરતું ધ્યાન રાખવું અત્યંત આવશ્યક છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે મેળાના આયોજન માટે નિયમ પ્રમાણે અરજી કરવી જરૂરી છે. અરજદારે તમામ આવશ્યક ઔપચારિકતાઓ પૂર્ણ કરીને સંબંધિત પોલીસ કમિશનર સમક્ષ અરજી રજૂ કરવી જોઈએ.

કોર્ટે સરકારી વકીલને પણ સૂચના આપી કે, "જો તમામ પ્રક્રિયા પૂર્ણ કરીને અરજી કરવામાં આવે, તો તેને નકારવાની જરૂર નથી." આ ટિપ્પણી દર્શાવે છે કે યોગ્ય પ્રક્રિયા અનુસરવામાં આવે તો મેળાની મંજૂરી મળવી જોઈએ. હાલમાં, કોર્ટે આ મામલે રજૂ થયેલી અરજી પડતર રાખી છે અને આગામી સુનાવણી ૨૭ ઓગસ્ટના રોજ નિયત કરી છે. આ કારણે ૨૪થી ૨૮ ઓગસ્ટ દરમિયાન યોજાનારા લોકમેળામાં વિલંબ થવાની શક્યતા છે. આ કાયદાકીય પ્રક્રિયાના કારણે મેળો નિર્ધારિત તારીખ કરતાં મોડો શરૂ થાય તેવા સંકેત છે.

નોંધનીય છે કે, વર્ષોથી રાજકોટ રેસકોર્ષ ગ્રાઉન્ડમાં શ્રાવણ મહિનામાં જન્માષ્ટમીના અવસરે લોકમેળો યોજાય છે. રાજકોટના લોકમેળાનું ચાલુ વર્ષે ધરોહર નામ અપાયું છે. વર્ષોથી રાઈડ્સ રાખનારાઓએ હરાજીમાં ભાગ ન લીધો. જોકે ખાનગી મેળા ધારકે ૧ કરોડ ૨૭ લાખમાં ૩૧ પ્લોટ ખરીદ્યા હતાં. ચાલુ વર્ષે અગાઉના વર્ષો કરતા ઓછી રાઈડ્સ અને સ્ટોલ સાથે મેળો યોજાશે. ૨૪થી ૨૮ ઓગસ્ટ ૨૦૨૪ સુધી યોજાનારા લોકમેળામાં દર વર્ષે પાંચ દિવસમાં ૧૫ લાખથી વધુ લોકો સૌરાષ્ટ્રભરમાંથી ઉમટી પડતા હોય છે.

આ વખતે પ્રથમ વખત લોકમેળામાં રાઈડોનો NDT રિપોર્ટ, ફાઉન્ડેશન અને ફિટનેસ સર્ટિફિકેટ સહિતના નિયમોનું પાલન કરાવાશે. બીજી તરફ લોકમેળામાં પીજીવીસીએલ તરફથી અંડર ગ્રાઉન્ડ કેબલિંગ કરવામાં આવશે. આ સાથે જ દરેક સ્ટોલ ઉપર સીસીટીવી અને અગ્નિશામક યંત્રો ફરજિયાત બનાવવામાં આવ્યા છે. ભીડને કંટ્રોલ કરવા માટે ડ્રોનથી મોનિટરિંગ કરવામાં આવશે. તેમજ એન્ટ્રી અને એક્ઝિટ ગેટ વધારવામાં આવ્યા છે. આ પહેલા રાજકોટના રેસકોર્સ મેદાનમાં આગામી તારીખ ૨૪ થી ૨૮મી ઓગસ્ટ દરમિયાન જન્માષ્ટમીમાં યોજાનારા લોકમેળામાં એક સાથે તમામ મોટી રાઈડસની ખરીદી કરતા વિરેન્દ્રસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અમે લોકો ગ્રીનલેન્ડ ચોકડી અને નાનામવા સર્કલ પાસે ખાનગી મેળાનું આયોજન કરીએ છીએ. જોકે આ વખતે રાજ્ય સરકારની કડક ગાઈડ લાઈનના કારણે કોઈએ હરાજીમાં ભાગ ન લેતા ખાનગી મેળા સંચાલકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

# વડાપ્રધાન મોદીને દેશનું સતત ત્રીજીવાર સુકાન સંભાળવા માટે વિધાનસભાના અભિનંદન



ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી અને વિધાનસભા ગૃહના નેતા ભૂપેન્દ્ર પટેલે, લોકસભાની તાજેતરની ચૂંટણીઓમાં ૧૪૦ કરોડ ભારતવાસીઓએ નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકેનું સેવાદાયિત્વ સતત ત્રીજીવાર સોંપ્યું તે માટે સમગ્ર ગુજરાત વતી અભિનંદન પાઠવ્યા હતા. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, એક સામાન્ય અદના કાર્યકર્તાથી લઈને દેશના વડાપ્રધાન સતત ત્રીજીવાર બનવું એ અસાધારણ ઘટના છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી એવા ભારત દેશના સુકાની તરીકે ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઈએ વિશ્વભરમાં ભારત અને ખાસ કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

મુખ્યમંત્રીએ વિધાનસભા ગૃહના નેતા તરીકે વિધાનસભાના સત્રના પ્રથમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સતત ત્રીજીવાર દેશનું સુકાન સંભાળવા માટે અભિનંદન આપતો સરકારી સંકલ્પ નિયમ-૧૨૦ અન્વયે ગૃહમાં પ્રસ્તુત કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વિધાનસભા ગૃહના તત્કાલીન નેતા તરીકે દોઢ દાયકા સુધી સેવાઓ આપીને જે નવા વિકાસ સીમાચિહ્નો સર કરાવ્યા છે તેની ફલશ્રુતિએ ગુજરાત આજે વિકાસનું રોલમોડલ બન્યું છે તેનું પણ તેમણે ગૌરવ કર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, કેપિટલ એક્સપેન્ડીચરમાં થયેલા ગ્રોથને કારણે રોડ-રસ્તા, વીજળી, પાણી, શિક્ષણ, આરોગ્ય જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામો વધતા લોકોનું 'ઈઝ ઓફ લિવીંગ' ઊંચું ગયું છે તે સાથે વ્યાપાર ઉદ્યોગ, લોજીસ્ટિક્સ વગેરેમાં પણ ઉલ્લેખનીય વધારો થયો છે. જ્યારે નરેન્દ્ર મોદીએ વડાપ્રધાન તરીકેનું સુકાન સંભાળ્યું ત્યારે ભારત વિશ્વમાં ૧૧મા ક્રમની અર્થવ્યવસ્થા હતો. પાછલા દશકામાં તેમની સુશાસન પ્રતિબદ્ધતાને પરિણામે દેશનો સર્વગ્રાહી વિકાસ થયો છે અને ભારત પાંચમું મોટું અર્થતંત્ર બની ગયું છે. એટલું જ નહીં, વિશ્વના મોટા અર્થતંત્ર ધરાવતા દેશોમાં ફાસ્ટેસ્ટ ગ્રોઈંગ ઈકોનોમી તરીકે ઊભરી આવ્યો છે.

# પટનામાં લાઠીચાર્જ દરમ્યાન પોલીસે ભૂલથી SDM ઉપર લાઠીચાર્જ કર્યો

પટના તા.૨૪

બિહારના પટણામાં ભારત બંધ દરમ્યાન વિરોધીઓ ઉપર લાઠીચાર્જ કરતી વખતે એક પોલીસે ભૂલથી સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને લાઠી ફટકારી હતી. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વીડિયોમા બિહારના પટણામાં ભારત બંધ દરમ્યાન વિરોધીઓ ઉપર લાઠી વડે ચાર્જ કરતી વખતે એક પોલીસે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને ભૂલથી લાઠી ફટકારી દીધી હતી. આ વીડિયોમાં દેખાય છે કે અંધાધૂંધી વચ્ચે, પોલીસે એસડીએમને લાઠી ફટકારી અને ઘટનાસ્થળે હાજર અન્ય પોલીસકર્મીઓએ તેને ઝડપથી અટકાવ્યો અને જવાનને સમજાવ્યું કે તે વ્યક્તિ કોણ છે. આ ડંડો માર્યા બાદ એસડીએમ ઉશ્કેરાયેલા જોવા મળ્યા હતા. અહેવાલો અનુસાર, આ ઘટના પટનાના ડાક બંગલા ક્રોસિંગ ઉપર બની હતી. SC/ST અનામત ઉપર સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાના વિરોધમાં દેશભરમાં "ભારત બંધ" સાથે દેશવ્યાપી હડતાલ ચાલી રહી છે. આરક્ષણ બચાવો સંઘર્ષ સમિતિએ SC/ST આરક્ષણો ઉપર SCના ચુકાદાના વિરોધમાં ભારત બંધની જાહેરાત કરી હતી. SCના તાજેતરના ચુકાદા સામે બુધવારે એક દિવસીય 'ભારત બંધ'ના સમર્થનમાં વિરોધ કરી રહેલા લોકો ઉપર પટણા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. આ બંધ દરમ્યાન મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે. આ મુસાફરોને અસુવિધાનો સામનો કરવો પડ્યો હતો કારણ કે આંદોલનકારીઓએ અનુસૂચિત જાતિ (SCs)ના પેટા-વર્ગીકરણ અંગેના સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાના વિરોધમાં આરક્ષણ બચાવો સંઘર્ષ સમિતિ (ABSS)દ્વારા દેશવ્યાપી હડતાલ ભારત બંધના સમર્થનમાં ઘણા રસ્તાઓ અને રેલવે ટ્રેક બ્લોક કરી દીધા હતા. દેખાવકારોએ દરભંગા-નવી દિલ્હી સંપર્કક્રાંતિ સુપરફાસ્ટ એક્સપ્રેસને દરભંગા રેલવે સ્ટેશન ઉપર અવરોધિત કરી હતી. ભીમ આર્મીના સભ્યો, પોસ્ટરો અને બેનરો સાથે, રેલ્વે ટ્રેક ઉપર આવી ગયા અને ટ્રેનના એન્જીન ઉપર પણ ચડી ગયા હતા. વિરોધીઓએ દલીલ કરી હતી કે SC અને ST સમુદાયોને બંધારણ દ્વારા તેમને આપવામાં આવેલા અધિકારોથી વંચિત રાખવાનું આ ઈરાદાપૂર્વકનું કાવતરૂં છે. જહાનાબાદમાં આંદોલનકારીઓએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૮૩ને અવરોધિત કર્યો હતો, જે એક નિર્ણાયક માર્ગ છે જે પટનાથી ગયા અને આગળ ડોભીને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૯ પર જોડે છે, રાજ્યની રાજધાની પટના સહિત અનેક શહેરોમાં સામાન્ય જીવન ખોરવાઈ ગયું છે. લોકો પેસેન્જર વાહનોની રાહ જોતા જોવા મળ્યા હતા. પટનામાં ઘણી ખાનગી શાળાઓ બંધ રહી. કેટલીક શાળાઓ, જે ખુલ્લી હતી, તેણે દિવસ માટે બસ સેવાઓ સ્થગિત કરી દીધી છે, જેનાથી વાલીઓ માટે પડકારો વધી ગયા છે. ભીમ આર્મીના સભ્યોના એક જૂથે ઔરંગાબાદ જિલ્લાના રફીગંજ બ્લોકમાં મંગળવારે મોડી રાત્રે એક સરઘસનું આયોજન કરીને સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશનો વિરોધ કર્યો હતો. આ બંધને રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને વિકાસશીલ ઈન્સાન પાર્ટી સહિત INDIA બ્લોકના જોડાણ ભાગીદારો તરફથી સમર્થન મળ્યું હતું. તાજેતરના સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં એવું સૂચવીને નોંધપાત્ર ચર્ચા જગાવી છે કે તમામ અનુસૂચિત જાતિ (SCs) અને અનુસૂચિત જનજાતિ (STs) સમુદાયો સમાન રીતે વંચિત નથી. સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારોને એસસી અને એસટીનું પેટા-વર્ગીકરણ કરવાની અને વધુ વંચિત ગણાતા જૂથો માટે સંભવિત રીતે અલગ ક્વોટા સ્થાપિત કરવાની મંજૂરી આપી હતી. ભારત બંધ પહેલા, પટના જિલ્લા મેજિસ્ટ્રેટ ચંદ્રશેખર સિંહે વિરોધ પ્રદર્શન દરમ્યાન હિંસા સામે ચેતવણી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આંદોલનો, માર્ગ અવરોધો અથવા ખાનગી અથવા સરકારી મિલકતોને નુકસાન પહોંચાડનાર કોઈપણ વ્યક્તિને કાયદાકીય પરિણામોનો સામનો કરવો પડશે.

# અમેરિકામાં ભારતીય ડોક્ટરની ૨ વર્ષની ઉંમરના બાળકોથી માંડી પુખ્ત વયનાની નગ્ન તસવીરો લેવા બદલ કરાઈ ધરપકડ

વોશિંગ્ટન, તા.૨૪

મીડિયા અહેવાલો અનુસાર ૪૦ વર્ષીય ભારતીય ડોકટરને કેટલાક વર્ષોમાં બાળકો અને મહિલાઓની સેંકડો નગ્ન તસવીરો અને વીડિયો રેકોર્ડ કરવા બદલ બહુવિધ સેક્સ અપરાધોનો આરોપ લગાવ્યા બાદ યુએસની જેલમાં ૨૦ લાખ યુએસ ડોલરના બોન્ડ ઉપર રાખવામાં આવ્યો હતો. ઓમૈર એજાઝની અગાઉ ૮ ઓગસ્ટના રોજ ધરપકડ કરવામાં આવી હતી કારણ કે તેણે કથિત રૂપે બાથરૂમ વિવિધ જગ્યાઓ, હોસ્પિટલના રૂમ અને પોતાના ઘરના વિવિધ સેટિંગમાં છૂપાયેલા કેમેરા મૂક્યા હતા જ્યાં તે ૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કપડાં ઉતારવાના દ્દશ્યોને રેકોર્ડ કરતો હોવાનું મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. તેની પત્ની વાંધાજનક સામગ્રી સાથે આગળ આવી તે પછી અધિકારીઓને તેના ગુનાની જાણ થઈ. તેની ધરપકડ પહેલા તેનો કોઈ ગુનાહિત ઈતિહાસ નહોતો. ઓકલેન્ડ કાઉન્ટી શેરિફે જણાવ્યું હતું કે, તેણે અસંખ્ય મહિલાઓ સાથે કથિત રીતે જાતીય એન્કાઉન્ટર પણ રેકોર્ડ કર્યા હતા જેઓ બેભાન અથવા ઊંઘમાં હતી. એજાઝના ગુનાઓની તીવ્રતા હાલમાં જાણીતી નથી, પરંતુ શેરિફ માઈક બાઉચાર્ડે જણાવ્યું હતું કે સંપૂર્ણ તપાસમાં મહિનાઓ લાગશે. અધિકારીઓને શંકા છે કે ઘણા પીડિતો હોઈ શકે છે કારણ કે તપાસકર્તાઓએ યુ.એસ. મિશિગન રાજ્યમાં ઓકલેન્ડ કાઉન્ટીના શહેર રોચેસ્ટર હિલ્સમાં તેના ઘરે મળી આવેલા હજારો વીડિયોની સમીક્ષા કરી છે અને તેની આસપાસ શિકંજો કસવાનું શરૂ કર્યુ છે. "ઘણા સ્તરો ઉપર ખલેલજનક છે. "તેમણે ગુનાહિતતાના માપને લેરી નાસર સાથે સરખાવી હતી, જે બદનામ સ્પોર્ટ્સ ડોક્ટર છે જે તેની દેખરેખ હેઠળની ડઝનેક યુવતીઓ સાથે દુર્વ્યવહાર કરવા માટે દોષિત છે.

એજાઝની ૮ ઓગસ્ટે તેના ઘરેથી ધરપકડ કરવામાં આવી ત્યારથી અનેક સર્ચ વોરંટ આપવામાં આવ્યા છે. તેમાં કમ્પ્યુટર, ફોન અને ૧૫ બાહ્ય ઉપકરણોનો સમાવેશ થાય છે. બૌચાર્ડે જણાવ્યું હતું કે એક જ હાર્ડ ડ્રાઈવમાં તેના ઉપર ૧૩,૦૦૦ વીડિયો છે. તેણે ક્લાઉડ સ્ટોરેજમાં પણ વીડિયો અપલોડ કર્યા હશે. એજાઝ ઉપર ૧૩ ઓગસ્ટના રોજ બાળ લૈંગિક અપમાનજનક પ્રવૃત્તિની એક ગણતરી, વસ્ત્ર વગરની વ્યક્તિની છબી કેપ્ચર કરવાના ચાર ગુનાઓ અને અપરાધ કરવા માટે કમ્પ્યુટરનો ઉપયોગ કરવાના પાંચ ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેને ઓકલેન્ડ કાઉન્ટી જેલમાં USD ૨૦ લાખ બોન્ડ ઉપર રાખવામાં આવ્યો હતો. ઓકલેન્ડ કાઉન્ટી પ્રોસીક્યુટર કેરેન મેકડોનાલ્ડે જણાવ્યું હતું કે એજાઝની પત્નીએ આ મહિનાની શરૂઆતમાં એવી સામગ્રી તૈયાર કરી હતી જે આ સંબંધિત હતી અને શેરિફ ઓફિસે તરત જ સર્ચ વોરંટ ચલાવ્યું હતું અને વધુ ઉપકરણો જપ્ત કર્યા હતા. તેણે જણાવ્યું હતું કે તપાસકર્તાઓએ "ખરેખર આઘાતજનક, ચિંતાજનક છબીઓ મેળવી છે" અને તેમ કરવાનું ચાલુ રાખ્યું છે. મેકડોનાલ્ડે જણાવ્યું હતું કે એજાઝે સારી પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને હોસ્પિટલોનો પણ પોતાની શિકાર બનાવી હતી જે તેની સાથે સંકળાયેલ હતી.

૨૦૨૩માં ગોલ્ડફિશ સ્વિમિંગ કલબમાં ચેન્જિંગ રૂમની અંદર એજાઝ કથિત રીતે માતા અને તેના બાળકોનું રેકોર્ડિંગ કરતા ઘણા આરોપો છે. જો કે, તેણે હોસ્પિટલના રૂમમાં દર્દીઓ ઉપર હુમલો કર્યો હોવાનું પણ માનવામાં આવે છે. "આ બધી સ્વિમ સ્કૂલના બાળકો અને તેમની માતાઓ હતી." "તેઓ તેમના બાળકોને તરવાનું શીખવવા માટે ત્યાં આવતી હતી કારણ કે તેનાથી તેમના બાળકોને આનંદ આવતો હતો અને તેઓ ઈચ્છતી હતી કે તેમના બાળકો પાણીની આસપાસ સુરક્ષિત રહે. તેઓ સમુદાયમાં વિશ્વાસ ધરાવતા વ્યક્તિએક તબીબી ડોક્ટર દ્વારા ભોગ બન્યા હતા. "તેમનો કાર્ય ઈતિહાસ બતાવે છે કે તે ક્લિન્ટન ટાઉનશીપની હેનરી ફોર્ડ મેકોમ્બ હોસ્પિટલમાં અને ગ્રાન્ડ બ્લેન્કમાં એસેન્શન જેનેસીસ હોસ્પિટલમાં નોકરી કરતો હતો. તેમની વર્તમાન રોજગાર એક કંપની સાથે કરાર કરાયેલા ચિકિત્સક તરીકે હતી જે તેમને વિવિધ હોસ્પિટલોમાં મોકલતી હતી. તે પહેલા તે ૨૦૧૧માં ભારતથી વર્ક વિઝા ઉપર યુએસ ગયો હતો જ્યાં તે એક નાગરિક છે. અલાબામામાં સમય વિતાવતા પહેલા તેમનું રહેઠાણ સિનાઈ ગ્રેસ હોસ્પિટલમાં હતું. તે ૨૦૧૮માં મિશિગન પાછો ફર્યો. પીડિતોની સંખ્યા અને તેમને ઓળખવામાં મુશ્કેલી હોવાને કારણે પોલીસે એક ઈ-મેઈલ પ્રદાન કર્યો છે જેનો ઉપયોગ લોકો અધિકારીઓનો સંપર્ક કરવા માટે કરી શકે છે.

# જૂની પેન્શન યોજના મુદ્દે હવે ફરી આંદોલનના ભણકારા

● વિધાનસભાના સત્રમાં ઠરાવ નહીં થાય તો ચાર દિવસ પછીથી આંદોલન કરાશે

● સત્યાગ્રહ છાવણી ખાતે રોજ બે જિલ્લાના પદાધિકારીઓ અને શિક્ષકો આંદોલન કરશે




અમદાવાદ, તા.૨૪

શિક્ષકો માટે જૂની પેન્શન યોજના મુદ્દે શૈક્ષિક મહાસંઘ દ્વારા મહાઆંદોલન બાદ સરકારને ઠરાવ બહાર પાડવા માટે વિધાનસભા સત્ર સુધીનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. જોકે, હજુ સુધી ઠરાવ બહાર પાડવામાં આવ્યો ન હોવાથી હવે ફરી આંદોલનના ભણકારા સંભળાઈ રહ્યા છે. જેમાં સત્ર પૂર્ણ થયાના ચાર દિવસ પછી રોજ બે જિલ્લાના પદાધિકારીઓ સહિત શિક્ષકો અને રાજયકક્ષાના હોદ્દેદારો સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ૧૬ ઓગસ્ટના રોજ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે મહાઆંદોલન કરવામાં આવશે તેવું નક્કી કરાયું હતું. આ માટે સરકારને એક માસ જેટલો સમય આપવામાં આવ્યો હોવા છતાં ઠરાવ બહાર પાડવામાં ન આવતા સમગ્ર રાજ્યમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો અને કર્મચારીઓ મહાઆંદોલનમાં જોડાયા હતા. મહાઆંદોલન બાદ શૈક્ષિક મહાસંઘ દ્વારા સરકારને જૂની પેન્શન યોજના મુદ્દે ઠરાવ બહાર પાડવા માટે અલ્ટીમેટમ આપવામાં આવ્યું હતું. જેમાં વિધાનસભા સત્ર દરમ્યાન જૂની પેન્શન યોજના અંગેનો ઠરાવ બહાર પાડવા માટે માંગણી કરવામાં આવી હતી. ઉપરાંત જૂની પેન્શન યોજના અંગે સરકાર અને સંગઠન વચ્ચે થયેલા સમાધાન મુજબ ઠરાવ બહાર પાડવાને લઈને ફરી એકવાર મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવાનું પણ નક્કી કરાયું હતું. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા મહાઆંદોલન બાદ ઠરાવ આવે નહીં ત્યાં સુધી આંદોલન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જેને લઈને તાજેતરમાં મુખ્યમંત્રી કાર્યલય ખાતે જઈને સંગઠન દ્વારા લેટર ઈનવર્ડ કરાવવામાં આવ્યો હતો. જેમાં વિધાનસભાના સત્ર દરમ્યાન આ ઠરાવ બહાર પાડવામાં નહીં આવે તો ચાર દિવસ પછી દરરોજ બે જિલ્લાના પદાધિકારીઓ સહિત શિક્ષકો અને રાજ્યના હોદ્દેદારો સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન કરશે. આમ જો ઠરાવ બહાર પાડવામાં નહીં આવે તો ચાર દિવસ પછી સત્યાગ્રહ છાવણી ખાતે રોજ આંદોલન થશે.

# ભારે વરસાદના લીધે નુકસાની સહન કરનારા ખેડૂતોને સરકાર સહાય ચૂકવશે

**સર્વેની કામગીરી પૂર્ણતાને આરે, તે બાદ SDRF ધોરણે તેમજ વધુ સહાય અપાશે**

ગાંધીનગર,તા.૨૪

રાજ્ય સરકારે વિધાનસભા ગૃહમાં હૈયાધારણ આપી છે કે રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ પડ્યો છે અને તેના લીધે ખેડૂતોને જ્યાં પણ નુકસાન થયું છે તેમને સહાય ચૂકવાશે. વિધાનસભામાં આજે તાકીદની જાહેર અગત્યની બાબત હેઠળ ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ સૌરાષ્ટ્રના પોરબંદર, દેવભૂમિ દ્વારકા અને જૂનાગઢ જિલ્લાના ૧૬ તાલુકામાં અને તેમાંય ખાસ કરીને ઘેડ વિસ્તારમાં અતિ ભારે વરસાદ થવાથી ખેડૂનોના પાકને થયેલ નુકશાન સામે રાજ્ય સરકાર એસ.ડી.આર.એફ.ના ધોરણો મુજબ ખેડૂતોને સહાય કરવા માંગે છે કે કેમે તે અંગે પ્રશ્ન કર્યો હતો. તેના જવાબમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભારે વરસાદથી નુકશાન થયું છે ત્યાં તાત્કાલિક અસરથી સર્વે ચાલુ કર્યો છે, સર્વેની કામગીરી પૂર્ણ થવાના આરે છે, સર્વે બાદ જે કેસમાં ખેડૂતને ૩૩% થી વધારે નુકશાન થયેલ હશે તે કેસમાં એસ.ડી.આર.એફ. ના ધારાધોરણો મુજબ હેક્ટર દીઠ રૂપિયા ૮,૫૦૦ની સહાય બે હેક્ટરની મર્યાદામાં કરવામાં આવશે. આ ઉપરાંત તેમણે ખાતરી આપી હતી કે એસ.ડી.આર.એફ. ના ધારાધોરણોથી પણ વધારે સહાયની જરૂર જણાશે તો સરકાર તે મુજબ સહાય આપવા માટે તૈયાર છે. ત્યારબાદ અર્જુનભાઈ મોઢવાડિયાએ વધુમાં જણાવ્યું હતું કે ઘેડ વિસ્તારમાં જે કાયમી ધોરણે પાણી ભરાઈ જવાની સમસ્યા છે અને ઝડપથી પાણીનો નિકાલ થઈ શકતો નથી. તેના કારણે દર વર્ષે ચોમાસામાં જે નુકસાન થાય છે તેને નિવારવા માટે ગત વર્ષે હું જ્યારે વિપક્ષનો સભ્ય હતો ત્યારે પણ રજૂઆત કરી હતી અને તે વખતે સીએમ ભુપેન્દ્ર પટેલે ઘેડ વિસ્તારનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. તે પછી મુખ્યમંત્રીની સૂચનાથી સેકોન પ્રા.લી. નામની રાષ્ટ્રીય સ્તરની એન્જિનીયરીંગ કંપનીને સ્થિતિનો અભ્યાસ કરીને તેના ઉકેલો સૂચવવા અંગેનો અહેવાલ તૈયાર કરવાની કામગીરી સોંપાઈ હતી. આ કામગીરી અંતિમ તબક્કામા છે.એકાદ બે મહિનામાં આ અહેવાલ સુપરત થઈ જાય તેના આધારે જે કંઈ નદીઓ, ઉંડી પહોળી કરવાની કામગીરી, કેનાલો બનાવવાની છે અને નદીઓના મુખ પહોળા કરવાના છે અને એ ઉપરાંત જે પાણી સંગ્રહ સહિતની યોજનાઓ કાર્યરત થશે તો ઘેડ વિસ્તારની આ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. તેમણે જણાવ્યું કે ઘેડ બામણાસાથી શરૂ કરીને બાલાગામ સુધીનો ૧૨ કી.મી. નો વિસ્તાર છે કે જ્યાં ઓઝત નદી એકદમ સાંકડી થઈ ગઈ છે, ત્યાં તમામ ખેડૂતોએ દબાણો દૂર કરવાની ખાતરી આપેલી છે, તેમજ નદીની વહન ક્ષમતા એક લાખ ૩૬ હજાર ક્યુસેક હોવી જોઈએ તેની સામે આજે માત્ર ૨૫-૨૬ હજાર ક્યુસેક જ રહી છે, ત્યારે નદીની પૂરતી ક્ષમતા વધે તે માટે ખેડૂતો દબાણ દુર કરવા સહમત થયા છે.

# ગુજરાત હાઈકોર્ટમાં કેસોની સુનાવણી દરમ્યાન અંગ્રેજી ભાષાની સાથે-સાથે ગુજરાતી ભાષા રાખવાની અરજી હાઈકોર્ટે ફગાવી




અમદાવાદ, તા.૨૪

ગુજરાત હાઈકોર્ટમાં કેસોની સુનાવણી દરમ્યાન અંગ્રેજી ભાષાની સાથે સાથે ગુજરાતી ભાષા પણ અધિકૃત રીતે અમલી બનાવવા માટે એક અરજદાર દ્વારા સ્વંય હાજર રહીને કરવામાં આવેલી જાહેર હિતની અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે પ્રસ્તુત મુદ્દા ઉપર એક જાહેર હિતની અરજી થઈ હતી અને તેનો ચૂકાદો ગત વર્ષે આવેલો તેમાં આ બાબતમાં કોઈ રાહત આપવામાં આવી નહોતી. આથી એકના એક મુદ્દા ઉપર બીજીવાર અરજી થઈ શકે નહીં. હાઈકોર્ટે એમ પણ જણાવ્યું કે, અરજદાર દ્વારા ઉઠાવાયેલો મુદ્દો હાઈકોર્ટના ન્યાયિક ક્ષેત્રમાં આવતો નથી. એક વખત આ મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાની સલાહ લેવાયેલી હોય અને ફુલ કોર્ટ દ્વારા નિર્ણય લેવાયો હોય પછી અરજદારપક્ષ પાસે માત્ર સુપ્રીમકોર્ટ સમક્ષ જ જવાનો વિકલ્પ બચે છે. અરજદારપક્ષની પીઆઈએલ ખોટી ધારણાથી યુકત છે, તેથી તે ફગાવી દેવામાં આવે છે. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે અરજદાર દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલ ખોટી ધારણાયુકત અને ટકવાપાત્ર નહી હોવાનું ઠરાવી જાહેરહિતની રિટ અરજી ફગાવી દીધી હતી. અરજદારે ભારતીય બંધારણની કલમ-૩૪૮(૨) હેઠળ જાહેરહિતની રિટ અરજી દાખલ કરી હતી તેની સુનાવણી નીકળી હતી. તેમના તરફથી રજૂઆત કરાઈ હતી કે ગુજરાત હાઈકોર્ટમાં માતૃભાષા ગુજરાતી ભાષા સત્તાવાર રીતે લાગુ કરવી જોઈએ. ગુજરાત હાઈકોર્ટમાં આવતા પક્ષકારો અંગ્રેજી ભાષામાં નિષ્ણાત હતા નથી અને કેટલાક તો અભણ અને બહુ ઓછુ ભણેલા હોય છે ત્યારે વકીલો-પક્ષકારોને પણ ગુજરાતી ભાષાનો ઉપયોગ હાઈકોર્ટમાં નહી થતો હોઈ ભારે હાલાકી અને મુશ્કેલીનો ભોગ બની રહ્યા છે. રાજ્યના કાઉન્સીલ ઓફ મીનીસ્ટર્સના અભિપ્રાયના આધારે ગુજરાત વિધાનસભા દ્વારા અગાઉ આ અંગેનો નિર્ણય કરાયો હતો. જેને ખુદ રાજયપાલે ૨૦૧૨માં બંધારણની કલમ-૩૪૮(૨) હેઠળ મંજૂરી આપી હતી. જો કે, ઓકટોબર-૨૦૧૨માં સુપ્રીમકોર્ટે ગુજરાત હાઈકોર્ટમાં અંગ્રેજી ભાષાની સાથે સાથે ગુજરાતી ભાષાને સત્તાવાર રીતે લાગુ કરવા અગાઉ ઈન્કાર કરાયો હતો, તે નિર્ણયને પણ અરજદારે આ પીઆઈએલમાં પડકાર્યો હતો. વર્ષ ૧૯૬૫માં કેબિનેટ કમીટીએ સરકારી કચેરીઓમાં પ્રાદેશિક ભાષાનો ઉપયોગ કરવા અંગે નિર્ણય લેવા માટે સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસનો અભિપ્રાય મંગાયો હતો. અગાઉ સને ૧૯૭૭ અને ૧૯૯૧માં સરકાર દ્વારા રચાયેલી ગુજરાતી ભાષા સમીક્ષા સમિતિએ પણ રાજય સરકારને ગુજરાત હાઈકોર્ટમાં માતૃભાષા ગુજરાતી ભાષાનો ઉપયોગ તબક્કાવાર વધારવાની રાષ્ટ્રપતિ પાસેથી મંજૂરી મેળવવા અંગે સ્પષ્ટ ભલામણ કરી હતી. સમિતિની આ ભલામણ ૨૦૧૨માં રાજય સરકારે સ્વીકારી હતી. જો કે, ઓકટોબર૨૦૧૨માં સુપ્રીમકોર્ટે હાઈકોર્ટમાં ગુજરાતી ભાષાને વધારાની ભાષા લાગુ કરવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો. આ જ પ્રકારની દરખાસ્ત તમિલનાડુ, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને કર્ણાટક રાજયોની પણ આવી હતી. અરજદાર તરફથી હાઈકોર્ટનું ધ્યાન દોરાયું કે, ૨૦૧૪થી ૨૦૨૨ દરમ્યાન પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સુપ્રીમકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ એન.વી.રમણા, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રત સહિતના મહાનુભાવો દ્વારા પણ ગુજરાત હાઈકોર્ટની પ્રોસીડીંગ્સમાં ગુજરાતી ભાષા લાગુ કરવા અંગે વિવિધ પ્રસંગો દરમ્યાન ભલામણ કરાયેલી છે.જો કે, હાઈકોર્ટે આ દલીલોથી પણ પ્રભાવિત થઈ ન હતી અને તે ગ્રાહ્ય રાખી ન હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, જયારે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ વહીવટી બાજુએ નિર્ણય લીધો હોય તે હાઈકોર્ટ માટે પણ બંધનકર્તા હોય છે તેથી જો અરજદારપક્ષને ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાના વહીવટી નિર્ણયને લઈને કોઈ વિવાદ હોય તો તમે સુપ્રીમકોર્ટ જઈ શકો છો. અન્યથા હાઈકોર્ટ આ મામલે તમને કોઈ મદદ કરી શકે તેમ નથી. જયારે સુપ્રીમકોર્ટે એક વખત આ મુદ્દો વિચારણામાં લીધો હોય અને તેમાં મંજૂરી આપવાનો ઈન્કાર કરી દીધો હોય તો અમે કોઈ હુકમ જારી કરી શકીએ નહી. હાઈકોર્ટે એમ પણ જણાવ્યું કે, અરજદાર દ્વારા ઉઠાવાયેલો મુદ્દો હાઈકોર્ટના ન્યાયિક ક્ષેત્રમાં આવતો નથી. એક વખત આ મામલે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાની સલાહ લેવાયેલી હોય અને ફુલ કોર્ટ દ્વારા નિર્ણય લેવાયો હોય પછી અરજદારપક્ષ પાસે માત્ર સુપ્રીમકોર્ટ સમક્ષ જ જવાનો વિકલ્પ બચે છે. અરજદારપક્ષની પીઆઈએલ ખોટી ધારણાથી યુકત છે, તેથી તે ફગાવી દેવામાં આવે છે.

# પાર્થેનીયમ (ગાજર ઘાસ) જાગૃતિ સપ્તાહની ઉજવણી

## ‘આપનો પરિસર ગાજર ઘાસ મુક્ત પરિસર’ ના સંદેશ સાથે ગ્રામજનોએ મેળવી માહિતી




જૂનાગઢ, તા.૨૪

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ ખરપતવાર અનુસંધાન નિર્દેશાલય જબલપુર મધ્યપ્રદેશના સૂચના મુજબ ડોક્ટર એમ. એમ. ત્રિવેદી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી કામધેનુ વિશ્વવિદ્યાલય ગાંધીનગર અને ડો. પી.એચ.ટાંક આચાર્યશ્રી પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય જૂનાગઢના માર્ગદર્શન હેઠળ પાર્થેનીયમ (ગાજર ઘાસ) જાગૃતિ સપ્તાહનું આયોજન પશુ વિજ્ઞાન કેન્દ્ર ભૂતવડ ખાતે કરવામાં આવ્યું હતું.

આ ઉજવણી અંર્તગત ગાજર ઘાસ વિશેની માહિતી પોસ્ટર પર પ્રદર્શન તેમજ મૌખિક રીતે અને સ્થાનિક ભાષામાં પત્રિકાઓ દ્વારા જૂનાગઢ ખાતે વેટરનરી કોલેજના પૂર્વ-સ્નાતક પશુચિકિત્સાલય વિદ્યાર્થીઓ તેમજ પશુપાલન પોલિટેકનિકના વિદ્યાર્થીઓએ આપેલી હતી. પશુચિકિત્સા હોસ્પિટલમાં મુલાકાત લઈ રહેલા ખેડૂતોને ગાજર ઘાસ બાબતની માહિતી અને સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતુ. ગ્રામ પંચાયત ભુતવડના સરપંચ તથા પશુધન ફાર્મ ભુતવડના પશુચિકિત્સા અધિકારી, ભુતવડ ગામના ખેડૂતો અને યુવાઓ દ્વારા ગ્રામ પંચાયત કચેરી ભૂતવડ પાસે આયોજિત જાગૃતિ અભિયાનમાં બુથની મુલાકાત લેવામાં આવી હતી. “આપનો પરિસર ગાજર ઘાસ મુક્ત પરિસર” સંદેશ આપવા ગ્રામજનોને અપીલ કરવામાં આવી હતી. આ જાગૃતિ સપ્તાહ કાર્યક્રમ ના આયોજનમાં પશુ વિજ્ઞાન કેન્દ્ર ભૂતવડના નોડલ ઓફિસર ડોક્ટર એસ.ડબલ્યુ. સાવરકર અને વેટરનરી કોલેજ જૂનાગઢના ડોક્ટર દિનદયાલ સહપ્રાધ્યાપક અને પશુપોષણ વેટનરી એક્સટેન્શન વિભાગના વડાશ્રી અંકુર દેસાઈ પશુધન નિરીક્ષક દ્વારા યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ, સરપંચ, ખેડૂતો, સરકારી અધિકારીઓ વગેરે જોડાયા હતા અને ગાજર ઘાસ અંગે માહિતી મેળવી હતી.

# ખંભાળિયા માર્કેટિંગ યાર્ડમાંથી જીરૂની ચોરી : આરોપીને ઝડપી લેવાયો






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયા નજીકના દ્વારકા - જામનગર માર્ગ ઉપર આવેલા માર્કેટિંગ યાર્ડના શેડ નંબર ૫ માં હિતેશભાઈ ધાનાભાઈ છુછર (રહે. મેઘપર ટીટોડી, તા. કલ્યાણપુર) નામના વેપારી યુવાને તેમના ખેત ઉપજના જીરુના બે બાચકા રાખ્યા હતા. રૂા.૩૦,૦૦૦ની કિંમતના ૧૨૦ કિલોગ્રામ જીરુના આ બે બાચકા થોડા દિવસો પૂર્વે કોઈ તસ્કરો ચોરી કરીને લઈ ગયા હોવાની ધોરણસર ફરિયાદ તેમના દ્વારા અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. આ પ્રકરણના અનુસંધાને ખંભાળિયાના પી.આઈ. બી.જે. સરવૈયા તેમજ પી.એસ.આઈ. વી.બી. પીઠીયાની ટીમ દ્વારા સર્વેલન્સ સ્ટાફને સાથે રાખીને કરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત સીસીટીવી કેમેરા ચેક કરી, આ પ્રકરણમાં પેટ્રોલીંગ દરમિયાન એ.એસ.આઈ. હેમતભાઈ નંદાણીયા અને યોગરાજસિંહ ઝાલાને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ ચોરી પ્રકરણમાં સંડોવાયેલા અહીંના હાપીવાડી (હર્ષદપુર) વિસ્તારના રહીશ નરોતમ રામજીભાઈ નકુમ નામના ૪૫ વર્ષના શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. આ શખ્સના કબજામાંથી ચોરીના છ મણ જીરૂ તેમજ રૂપિયા ૧૫,૦૦૦ની કિંમતના મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૪૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે કરી, આગળની કાર્યવાહી કરી હતી.

# કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા જન્માષ્ટમીની શોભાયાત્રાનું ફુલોથી સ્વાગત કરાશે

જૂનાગઢ તા. ૨૪

જન્માષ્ટમીના તહેવાર નિમીત્તે જૂનાગઢમાં આગામી તા.૨૬-૮-૨૪ ને સોમવારે સાંજે શોભાયાત્રા નીકળનાર છે. ત્યારે કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ જૂનાગઢ દ્વારા હિન્દુ-મુસ્લીમ આગેવાનો સર્કલ ચોક ગરબીના ઓટા પાસે શોભાયાત્રાનું ગુલાબના ફુલોથી સ્વાગત કરશે. આ પ્રસંગે બટુકભાઈ મકવાણા, અશ્વિન મણીયાર, જીશાન હાલેપૌત્રા એડવોકેટ, સોહેલ સિદીકી, વહાબભાઈ કુરેશી, મુન્નાબાપુ કાદરી, પ્રફુલભાઈ કાલરીયા, મનોજભાઈ ભટ્ટ, કે.ડી. સગારકા, કાસમભાઈ જુણેજા, હાજીભાઈ ઠેબા, ડી.કે. વાઘેલા, અરજણભાઈ દેત્રોજા, સમજુભાઈ સોલંકી તથા રમેશભાઈ વાજા સહિતના હિન્દુ-મુસ્લીમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહેશે.

# સંઘાડીયા બજાર ખાતે આવેલ ગુરૂનાનક મંદિરમાં વરસી ઉત્સવની ભવ્ય ઉજવણી થશે

જૂનાગઢ તા. ૨૪

સર્વ સિન્ધી સમાજ સાદસંગતને જાણ કરવામાં આવે છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૯-૮-૨૪ ને ગુરૂવારના રોજ સંઘાડીયા બજાર ખાતે આવેલ ગુરૂનાનક મંદિર (જુના મંદિર)માં ધામધુમથી વરસી મહોત્સવ ઉજવવામાં આવશે. આ પ્રસંગે તા.૨૯ ના રોજ સાંજે ૬ થી ૭ કલાકે સુખમણી સાહેબનો પાઠ સાહેબ થશે, સાંજના ૭ થી ૯ રાજકોટ વાળા ભગત ઉત્તમચંદ મ્યુઝીકલ પાર્ટીનો પ્રોગ્રામ રાખેલ છે. ત્યારબાદ ગુરૂગ્રંથ સાહેબનો ભોગ સાહેબ તથા આરતી થશે. ત્યારપછી પ્રસાદી તથા સર્વ સાદસંગત માટે આમ ભંડારાનું આયોજન કરેલ છે. આ વરસી ઉત્સવમાં સત્સંગ કથા કિર્તનનો લાભ લેવા વાસુરામ સાહેબ મંદિરના ગાદીપતિ મહંત ગુરૂમુખદાસ વાસવાણીની યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# ખંભાળિયામાં સોમવારે જન્માષ્ટમી પર્વની થશે ભવ્ય ઉજવણી : શોભાયાત્રા સહિતના આયોજનો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળના સંયુક્ત ઉપક્રમે જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત આગામી સોમવાર તારીખ ૨૬ ના રોજ કૃષ્ણ જન્મના પર્વ નિમિત્તે પરંપરાગત શોભાયાત્રા નીકળશે. સોમવારે સવારે ૮:૩૦ વાગ્યે અહીંની ગોવર્ધનનાથજીની હવેલી ખાતે વિધિવત રીતે આરતી કરી અને આ શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવશે. જે અહીંના પાંચ હાટડી ચોક, લુહાર શાળ, ઝવેરી બજાર, હર્ષદ માતાજીના મંદિર, માંડવી ટીંબો, ગૂગળી ચકલો, રંગ મોલ સ્કૂલ, વિજય ચોક, કલ્યાણરાયજી મંદિર, મેઈન બજાર, રાજડા રોડ, સતવારા વાડ, રામ મંદિર, નગર ગેઈટથી શારદા સિનેમા રોડ થઈ અને મહાપ્રભુજીની બેઠકજી સાથે સંપન્ન થશે. આ શોભાયાત્રાના માર્ગને કમાનો તેમજ ધ્વજ વડે શણગારવામાં આવ્યા છે અને શોભાયાત્રાને જુદાજુદા વિસ્તારોમાં વિવિધ મંડળો તેમજ કાર્યકરો દ્વારા આવકારવામાં આવશે. આ શોભાયાત્રામાં ૭ થી ૧૧ વર્ષ સુધીના બાળકો માટે રાધાકૃષ્ણની વેશભૂષા સ્પર્ધા પણ રાખવામાં આવી છે. જે પૂર્ણ થયે બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવશે. કૃષ્ણ જન્મના મહત્વના આ પર્વે ખંભાળિયા શહેરના સર્વે હિંદુ ભાઈઓને પોતાના કામ-ધંધા બંધ રાખીને શોભાયાત્રામાં જોડાવવા માટે સંસ્થાના અગ્રણી વિનુભાઈ બરછા (ઘી વાળા) તેમજ આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ઉના: મહિલા આર્ટસ કોલેજ ખાતે ૧૫મી ઓગષ્ટની ઉજવણી નિમિત્તે શહીદ જવાનને સન્માન અપાયું



જૂનાગઢ તા. ૨૪

ઉના તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતિ ગાંધી કન્યા હાઈસ્કુલ તથા મહિલા આર્ટસ કોલેજ ઉનાના પટાંગણમાં ૧૫મી ઓગષ્ટ રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં ઉના તાલુકાના સ્વ.પરેશભાઈ બાંભણીયા કે જેઓ ભારતની રક્ષા કાજે સરહદ પાર શહીદ થયા છે. તેઓની શહીદીને સન્માન આપવા માટે તેમના ધર્મપત્ની લક્ષ્મીબેનનું આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માનિત પ્રસંગમાં ઉના તાલુકા કેળવણી મંડળના પ્રમુખ જીતુભાઈ શેઠ, ટ્રસ્ટી કિરીટભાઈ દેસાઈ, ચંદુભાઈ છગ, સુર્યકાંતભાઈ ગાંધી, ગાંધી કન્યા હાઈસ્કુલના આચાર્યા દિપ્તીબેન ગૌસ્વામી, મહિલા કોલેજના પ્રિન્સીપાલ ડો.લલિત બારૈયા તેમજ સ્ટાફ પરિવાર સહભાગી બન્યા હતા.

### દ્વારકામાં પરંપરા, હસ્તકલા અને ભક્તિનો ત્રિવેણી સંગમ

# દ્વારકા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રિધ્ધિબા જાડેજાના હસ્તે પ્રાદેશિક ‘સરસ મેળા’નો શુભારંભ કરાયો

## ‘રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન’ હેઠળ ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની દ્વારા તા.૩૧ઓગસ્ટ સુધી પ્રાદેશિક ‘સરસ મેળા’નું આયોજન













(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૨૪

દેવભૂમિ દ્વારકામાં જન્માષ્ટમી પર્વના નિમિત્તે બહોળી સંખ્યામાં દર્શનાર્થીઓ આવતા હોય તે દરમ્યાન સ્વ-સહાય જૂથોની બહેનોને તેમના દ્વારા ઉત્પાદન કરવામાં આવતી વસ્તુઓને સારૂં બજાર મળી રહે તે માટે ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગના ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી. દ્વારા તા.૨૨/૦૮/૨૪ થી ૩૧/૦૮/૨૪ દરમ્યાન સર્કિટ હાઉસની પાછળના મેદાન, ચોપાટી રોડ, દ્વારકા ખાતે વિશાળ પ્રાદેશિક ‘સરસ મેળા’નું આયોજન કરવામાં આવેલ છે. જેનો પ્રારંભ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી રિધ્ધિબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યો હતો.

મહિલાઓ આત્મનિર્ભર બની આર્થિક રીતે સક્ષમ બને તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા અનેક પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. સમગ્ર દેશમાં મહિલાઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(NRLM) હેઠળ બહેનોના સ્વ-સહાય જૂથોની રચના કરી તેમનું ક્ષમતાવર્ધન, કૌશલ્ય વિકાસ, તાલીમ વગેરે દ્વારા આજીવિકાલક્ષી પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહન કરવામાં આવે છે. આ સ્વ-સહાય જૂથો દ્વારા ઉત્પાદિત વિવિધ વસ્તુઓને સીધુ બજાર મળી રહે તે માટે વિવિધ મેળાઓ અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. દ્વારકા ખાતે આયોજીત આ મેળામાં સમગ્ર રાજ્યભરમાંથી ૫૦ જેટલા સ્વ-સહાય જૂથો દ્વારકા ખાતે મેળામાં સહભાગી થયા છે. જેમાં હાથ બનાવટની અનેકવિધ વસ્તુઓ આકર્ષણનું કેન્દ્ર બની છે.

# અમરાપુર અને સરા ગામની સરસ્વતી નદીના કાંઠે બિરાજતા કુંતેશ્વર મહાદેવ હાલ આસ્થાનું પ્રતિક બન્યું છે

## શ્રાવણ માસ દરમ્યાન શિવભક્તો દ્વારા સવા લાખ બિલીપત્રોની કરવામાં આવે છે પૂજા-અર્ચના

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૨૪

સુત્રાપાડા તાલુકાના આલીદ્રા- અમરાપુર અને સરા ગામની સરસ્વતી નદીના કાંઠે બિરાજમાન શ્રી કુંતેશ્વર મહાદેવનું શિવાલય હાલ શ્રાવણ માસમાં શ્રદ્ધાળુનું આસ્થાનું પ્રતીક બન્યું છે. કુદરત અને પ્રકૃતિના ખોળામાં આવેલ શ્રી કુંતેશ્વર મહાદેવના શિવાલય ઉપર થઈ રહ્યો છે. ભકતો દ્વારા જળાભિષેક આ શિવાલયની લોકવાયકા એવી છે કે અમરાપુર અને સરા ગામની સરસ્વતી નદીને કિનારે અતિ પ્રાચીન શ્રી કુંતેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જ્યારે પાંડવોનો જ્યારે ગુપ્ત વનવાસ હતો ત્યારે પાંડવો ફરતા ફરતા સૌરાષ્ટ્રમાં આવેલ તે દરમ્યાન આ વિસ્તારમાં રાત વાસો કરેલ તે દરમ્યાન કુંતા માતાને વ્રત હતું. સૂર્ય ઊગે પછી શિવજીના દર્શન કરી પાણી ગ્રહણ કરવાનું કુંતા માતાએ ભીમને કહ્યું કે શિવ મંદિર હોય તો બતાવ એટલામાં મંદિર ન હોવાથી ભીમ એ પાણીનો ઘડોને ઊંધો રાખીને કુંતા માતાને પૂજા અર્ચના કરાવી પછી એ ઘડને ત્યાંથી હટાવી લો તો શિવલિંગ બની ગયું તે શિવલિંગ ઊંધી ઘડ આકારની બની ત્યારથી આ મંદિરનું નામ શ્રી કુંતેશ્વર રાખવામાં આવ્યું હતું. ત્યારથી શ્રાવણ મહા દરમ્યાન આ શિવલિંગની સવા લાખ પૂજા ચડાવવામાં આવે છે અને અમાસના પાવન દિવસે ગામ પ્રસાદીનું આયોજન કરવામાં આવે છે. દૂર દૂરથી હાલ ચાલી રહેલા શ્રાવણમાં દરમ્યાન શિવ ભક્તો તથા ભાવિકો દર્શનાર્થે મોટી સંખ્યામાં આવે છે.



(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# જૂનાગઢમાં બિનવારસુ ગૌવંશ પશુઓને પાંજરાપોળ, ગૌશાળાઓમાં આશ્રય અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢ જિલ્લા કલેકટર અનીલકુમાર રાણાવસિયા દ્વારા જૂનાગઢ જિલ્લા મામલતદારઓ તેમજ નાયબ પશુપાલન નિયામકને મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનામાં લાભ મેળવતી ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં પશુઓની ક્ષમતા ચકાસવા માટેની સૂચના આપવામાં આવી હતી. જેમાં જિલ્લાના મામલતદારઓ દ્વારા તેમજ નાયબ પશુપાલન નિયામક દ્વારા આ બાબતે ચકાસણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે હજુ પણ સંભવીત ૯૦૦થી વધારે પશુઓનો ગૌશાળાઓ અને પાંજરાપોળોમાં સમાવેશ થઈ શકે એવી વિગતો મેળવી હતી. જૂનાગઢ જિલ્લા શહેરી વિસ્તારમાં વિચારતા-રખડતા ગૌવંશ પશુઓના કારણે કોઈ દુર્ઘટના અકસ્માત, માનવ ઈજા જેવા બનાવ ના સર્જાય, તેમજ શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે શહેરી વિસ્તારમાં વિચરતા-રખડતા ગૌવંશ પશુઓને નાયબ પશુપાલન નિયામકની કચેરીના સંકલનમાં રહી જૂનાગઢ જિલ્લામાં આવેલી વિવિધ ગૌશાળાઓ, પાંજરાપોળોને સોંપવાની કાર્યવાહી કરવા દિશા નિર્દેશ આદેશ જારી કર્યા છે.

# ખંભાળિયાના શિક્ષણવિદનો ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની પાર્લામેન્ટ્રીમાં સમાવેશ

## સલાયા શાળાના જગમાલભાઈ ભેટારીયાને પસંદગી સમિતિમાં લેવાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયા તાલુકાના સલાયા ગામની સરકારી માધ્યમિક શાળાના આચાર્ય જગમાલભાઈ ભેટારીયાને ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા પાર્લામેન્ટરી બોર્ડમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની આગામી તારીખ ૨૪ સપ્ટેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીમાં રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (અનુદાનિત)માં આચાર્ય સંવર્ગની સીટ માટે ઉમેદવારને પસંદગી સમિતિ (પાર્લામેન્ટરી બોર્ડ)માં દેવભૂમિ દ્વારકાની ખંભાળિયા તાલુકાની સલાયા માધ્યમિક શાળાના આચાર્ય જગમાલભાઈ ભેટારીયાને સ્થાન મળતા સમગ્ર જિલ્લાનું ગૌરવ વધ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના શૈક્ષણિક જગતમાં તેમને આવકાર સાથે અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### ભેંસાણ સરકારી કોલેજના

# પ્રોફેસર ડો. સચિન પીઠડીયાની ઉદ્યમીતા સાહસિકતાના નોડલ ઓફીસરની તરીકે નિમણૂંક

ભેંસાણ, તા.૨૪



ભેસાણ ખાતે સરકારી વિનયન કોલેજનાં સમાજશાસ્ત્ર વિભાગના આ.સી પ્રો ડો.સચિન જે.પીઠડીયાની તા.૨૩-૮-૨૪નાં રોજ ઉદ્યમીતા સાહસિકતાના નોડલ ઓફીસરની તરિકે નિમણૂંક કરવામાં આવી છે. સરકારના શિક્ષણ વિભાગના તા.૩૦/૬/૨૩ના ઠરાવથી "વિદ્યાર્થી ઉદ્યમીતા સાહસિકતા નીતિ વર્ષ ૨૦૨૩-૨૪થી અમલમાં છે. આ નીતિમાં વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ સાહસિકતાની ભાવનાને પ્રોસાહન આપવા માટેની રાજ્ય સરકારશ્રીની એક મહત્વપૂર્ણ પહેલ છે. જે મુજબ ઉદ્યમીતા સાહસિકતા નીતિ હેઠળ સમાવિષ્ટ વિદ્યાર્થીઓના ઉદ્યમીતા સાહસિકતા શું છે? કેવી રીતે આ નીતિ કામ કરે છે. તેના વિષે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવામાં આવશે. વિદ્યાર્થી સ્માર્ટ વર્ક કેવી રીતે કરી શકે, નવું ઈનોવેશન કેવી રીતે કરી શકે તે વિષે જાગૃતિ લાવવામાં આવશે. આ તકે ભેંસાણ કોલેજના આચાર્ય, સમગ્ર સ્ટાફ પરિવાર, સમગ્ર માંગરોળ તથા શિક્ષણ જગતમાંથી અભીનંદન પાઠવ્યા હતા.


ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ક્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.